RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ પોષ વદ -૫    બુધવાર, તા.૦૭-૦૧-૨૦૨૬    અંક : ૦૮ વર્ષ : ૨૧    jamnagar@aaspassaindia.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

## દિલ્હીમાં મસ્જીદ પાસે દબાણ હટાવ કામગીરી દરમિયાન પોલીસ ઉપર ટોળાનો પથ્થરમારો

### તુર્કમાન ગેટ વિસ્તારમાં મધરાતથી દબાણ હટાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવતા લોકો રોષે ભરાયા : પોલીસનો લાઠીચાર્જ

નવી દિલ્હી

દિલ્હીના તુર્કમાન ગેટ વિસ્તારમાં ફૈઝ-એ-ઈલાહી મસ્જિદ પાસેના દબાણવાળા વિસ્તારમાં બુલડોઝરની કાર્યવાહી કરવામાં આવી હતી. દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનએ બુધવારે વહેલી સવારે દિલ્હીના રામલીલા મેદાન પાસે, તુર્કમાન ગેટ સ્થિત ફૈઝ-એ-ઈલાહી મસ્જિદ પાસેના દબાણવાળા વિસ્તારમાં દબાણ હટાવવાની ઝુંબેશ ચલાવી હતી. વિસ્તારમાં ગેરકાયદે બાંધકામો દૂર કરવા માટે આશરે ૧૭ બુલડોઝર મંગાવવામાં આવ્યા હતા. દિલ્હી હાઈ કોર્ટના નિર્દેશ બાદ સ્ઝ્ઠ દ્વારા દબાણ સામે આ કાર્યવાહી કરવામાં આવી હતી.

દબાણ હટાવવા માટે રાતથી જ બુલડોઝર આવી ગયા હતા. કેટલાક લોકો કામમાં અડચણ પેદા કરશે તેનો અંદાજ હોવાથી તૈયારી સાથે તંત્ર આવ્યું હતું. સ્થાનિકોએ કાર્યવાહીનો વિરોધ કર્યો અને કેટલાક લોકોએ પથ્થરમારો પણ કર્યો હતો. પોલીસે હળવો લાઠીચાર્જ કરીને સ્થિતિ પર કાબુ મેળવ્યો હતો.નવી દિલ્હી: દિલ્હીના તુર્કમાન ગેટ વિસ્તારમાં ફૈઝ-એ-ઈલાહી મસ્જિદ પાસેના દબાણવાળા વિસ્તારમાં બુલડોઝરની કાર્યવાહી કરવામાં આવી હતી.

## ફિલિપાઈન્સના પૂર્વીય ભાગમાં ૬.૭ની તીવ્રતાનો અત્યંત શક્તિશાળી ભૂકંપ

### ઓફશોર ટેમ્બલર ભૂકંપથી મિંદાનાઓ ટાપુ અને સુરિગાઓ ડેલ સુર પ્રાંતના શહેરોમાં અફરાતફરીનો માહોલ

બકુલીન,ફિલિપાઈન્સ

ફિલિપાઈન્સના પૂર્વીય ભાગમાં ૬.૭ની તીવ્રતાનો અત્યંત શક્તિશાળી ભૂકંપ અનુભવાયો હતો. અમેરિકન ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણના જણાવ્યા અનુસાર, આ ભૂકંપનું કેન્દ્ર બકુલીન શહેરથી લગભગ ૬૮ કિલોમીટર દૂર પૂર્વમાં દરિયામાં હતું. જમીનથી તેની ઊંડાઈ માત્ર ૧૦ કિલોમીટર નોંધાઈ હતી, જેના કારણે આંચકા વધુ તીવ્રતાથી અનુભવાયા હતા. આ પ્રકારના દરિયાઈ ભૂકંપને વૈજ્ઞાનિક ભાષામાં 'ઓફશોર ટેમ્બલર' કહેવામાં આવે છે.ભૂકંપના આંચકા અનુભવાતા જ મિંદાનાઓ ટાપુ અને સુરિગાઓ ડેલ સુર પ્રાંતના શહેરોમાં અફરાતફરી મચી ગઈ હતી. હીનાતુઆન શહેરના સ્થાનિક પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, 'આંચકા એટલા તેજ હતા કે લોકો ડરના માર્યા ઘર અને ઓફિસોની બહાર ખુલ્લા મેદાનમાં દોડી આવ્યા હતા.' જોકે, રાહતની વાત એ છે કે હજુ સુધી કોઈ મોટા જાનમાલના નુક્સાન કે જાનહાનિના સમાચાર સામે આવ્યા નથી.

## વેનેઝુએલા વિરુદ્ધ અમેરિકાની કાર્યવાહી નાર્કો આતંકવાદ અંગે નહીં પરંતુ તેલ માટે હતી

### વેનેઝુએલાની વચગાળાની સરકાર અમેરિકાને બજાર ભાવે ૩૦ થી ૫૦ મિલિયન બેરલ ઉચ્ચ ગુણવત્તાવાળું તેલ પૂરું પાડશે : આવક ઉપર ટ્રમ્પનું નિયંત્રણ રહેશે

વોશિંગ્ટન

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વેનેઝુએલામાં અમેરિકાની લશ્કરી કાર્યવાહીને નાર્કો-આતંકવાદ સામેની ઝુંબેશ ગણાવી હતી. જોકે, ડોનાલ્ડ ટ્રમ્પના તાજેતરના નિવેદનોથી સ્પષ્ટ થઈ ગયું છે કે વેનેઝુએલા સામે અમેરિકાની કાર્યવાહી પાછળ તેલ મુખ્ય કારણ હતું. ટ્રમ્પે તેમની સોશિયલ મીડિયા સાઈટ પર જણાવ્યું હતું કે વેનેઝુએલાની વચગાળાની સરકાર અમેરિકાને બજાર ભાવે ૩૦ થી ૫૦ મિલિયન બેરલ ઉચ્ચ ગુણવત્તાવાળું તેલ પૂરું પાડશે.

ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા આ જાહેરાત મંગળવારે કારાકાસના અધિકારીઓએ જાહેરાત કર્યા પછી આવી છે કે, યુએસ લશ્કરી કાર્યવાહીમાં ઓછામાં ઓછા ૨૪ વેનેઝુએલાના સુરક્ષા અધિકારીઓ માર્યા ગયા છે. ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર પોસ્ટ કર્યું હતું કે તેલ જહાજો દ્વારા પરિવહન કરવામાં આવશે અને સીધા યુએસમાં અનલોડિંગ ડોક પર લાવવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ તરીકે, ભંડોળ પર તેમનો નિયંત્રણ રહેશે, પરંતુ તેનો ઉપયોગ વેનેઝુએલાના અને અમેરિકન લોકોના હિત માટે કરવામાં આવશે.

## ઝારખંડમાં જંગલી હાથીએ કરેલા હુમલામાં સાત લોકોના થયા મોત

સિંઘભૂમ,

ઝારખંડના પશ્ચિમ સિંઘભૂમ જિલ્લામાં જંગલી હાથીએ હાહાકાર મચાવ્યો છે. ગત મોડી રાત્રે હાથીએ અલગ-અલગ ગામોમાં હુમલો કરીને ૦૭ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. નવા વર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં માત્ર ૦૬ દિવસમાં જ હાથીના હુમલામાં કુલ ૧૭ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ફફડાટ વ્યાપી ગયો છે.

અહેવાલો અનુસાર, બાબરિયા ગામમાં મંગળવારે રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ જ્યારે લોકો ઘરમાં સૂતા હતા ત્યારે હાથીએ અચાનક હુમલો કર્યો હતો. જેમાં સનાતન મેરલ, તેની પત્ની જોનકોન કુઈ, તેમના બે નાના બાળકો અને અન્ય એક ગ્રામજન મોગડા લગુરીનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. પરિવારનો એક બાળક ચમત્કારિક રીતે ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો. જ્યારે બડા પાસિયા અને લમ્પાઈસાઈ ગામમાં પણ હાથીએ એક-એક વ્યક્તિને કચડી નાખ્યા હતા.

## સુરતના પૂણા વિસ્તારમાં 'ક્રિસ્ટલ મેથ' ડ્રગ્સ બનાવતી ફેક્ટરી ઝડપાઈ : ત્રણ શખ્સની કરાઈ ધરપકડ

### ઝડપાયેલા ત્રણેય શિક્ષિત શખ્સ ફેક્ટરીમાં જ ક્રિસ્ટલ મેથ ડ્રગ્સ બનાવી સુરતના વિવિધ વિસ્તારોમાં વેચાણ કરતા હોવાનું ખુલ્યું

સુરત

સુરત સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા સુરતના પુણા વિસ્તારમાં રહેણાંક વિસ્તારની આડમાં ચાલતી એમડી ડ્રગ્સ બનાવવાની હાઈટેક લેબોરેટરી પર બાતમીના આધારે દરોડો પાડીને ક્રિસ્ટલ મેથ ડ્રગ્સ બનાવતા ત્રણ શિક્ષિત લોકોની ધરપકડ કરી છે.આ લેબમાં ત્રણ શિક્ષિત યુવાનો ભેગા મળીને કેમિકલ પ્રોસેસ દ્વારા



ક્રિસ્ટલ બેઝ એમડી ડ્રગ્સ તૈયાર કરતા હતા. આ યુવાનો પોતે જ ડ્રગ્સ બનાવીને શહેરના વિવિધ વિસ્તારોમાં તેનું વેચાણ કરતા હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

પોલીસે ચોક્કસ બાતમીના આધારે આખેઆખી લેબોરેટરી ઝડપી પાડી હતી. ડ્રગ્સ બનાવવા માટે વપરાતા વિવિધ કેમિકલ્સ, સાધનો, તૈયાર ડ્રગ્સનો જથ્થો અને અન્ય કાચા માલ સહિત લેબ ચલાવતા ત્રણ યુવાનોની સ્થળ પરથી ધરપકડ કરવામાં આવી છે.

## કચ્છના ભચાઉ નજીક વહેલી સવારે ૨.૮ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

ભુજ

ગુજરાતના કચ્છમાં ભૂકંપના આંચકાઓ શરૂ રહ્યા છે.આજે સવારે કચ્છના પેટાળમાં ૨.૮ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો .જેની અસર કેન્દ્રબિંદુ આસપાસના ગામોમાં અનુભવાઈ હતી.

સિસ્મોલોજી કચેરી, ગાંધીનગરથી પ્રાપ્ત થયેલી વિગતો મુજબ, બુધવારે સવારે ૭ અને ૪૬ કલાકે પૂર્વ કચ્છના ભચાઉથી ૦૯ કિલોમીટર દૂર કેન્દ્રબિંદુ ધરાવતો રિકટર સ્કેલ પર ૨.૮ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. જમીનથી માત્ર ૨૦ કિલોમીટરની ઉંડાઈએથી ઉદભવેલા અને વધારે સેકન્ડ સુધી આવેલા આ આંચકાથી કેન્દ્રબિંદુ આસપાસના વિસ્તારોમાં વિશેષ અનુભૂતિ થતાં ગભરાટ ફેલાયો હતો.અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી ભૂગર્ભીય હિલચાલ ચિંતાજનક રીતે વધી રહી છે. કચ્છના રાપર, ભચાઉ અને ધોળાવીરા સહિતના વિસ્તારોમાં કેટલીક બિન સક્રિટ ફોલ્ટલાઈનો ફરી સક્રિય થઈ છે.

# ક્રિકેટ ક્ષેત્રે વર્લ્ડ ચેમ્પિયન ભારતની ત્રણેય ટીમોનું અભિવાદન કરતા નીતા અંબાણી

મુંબઈ, ૬ જાન્યુઆરી

મુંબઈ ખાતે સોમવારે યોજાયેલી દ્વિતીય યુનાઈટેડ ઈન ટ્રાયમ્ફ ઈવેન્ટમાં નીતા અંબાણીએ સમગ્ર ભારતની પ્રજા તરફથી ક્રિકેટ ક્ષેત્રે વર્લ્ડ ચેમ્પિયન બનનાર ભારતની ત્રણ ટીમોનું અભિવાદન અને સન્માન કર્યું હતું, જેમાં પ્રજ્ઞાચક્ષુ મહિલા ટીમ અને મેન્સ તેમજ વિમેન્સ ટીમની સમાવેશ થતો હતો.

**કાર્યક્રમમાં ભારતની વર્લ્ડ કપ વિજેતા ટીમોના ત્રણ કેપ્ટન ઉપસ્થિત રહ્યા હતા જેમાં રોહિત શર્મા, હરમનપ્રિત કૌર અને દીપિકા ટીસીનો સમાવેશ થતો હતો, જેમની ટીમના વિજયી પ્રદર્શનથી સમગ્ર દેશમાં અનન્ય માહોલ સર્જાઈ ચૂક્યો છે**

વિજેતા ખેલાડીઓનું અભિવાદન કરતાં નીતા અંબાણીએ કહ્યું, ' આપણે નવ વર્ષની શરૂઆત અને ઉજવણી એક ખાસ પ્રસંગથી કરી રહ્યા છીએ. આજે આપણી ત્રણેય વિશ્વ વિજેતા ક્રિકેટ ટીમ આ વિશેષ સન્માન કાર્યક્રમમાં ઉપસ્થિત છે જેમાં મેન્સ, વિમેન્સ અને પ્રજ્ઞાચક્ષુ વિમેન્સ ટીમનો સમાવેશ થાય છે. દરેક ભારતીય તરફથી આ તમામ ચેમ્પિયન્સનું સ્વાગત અને સન્માન કરતાં અત્યંત ગર્વની લાગણી થાય છે જે ખેલાડીઓએ આપણને વિજયની અદ્ભુત ક્ષણોનો સાક્ષાત્કાર કરાવીને ખુશી અને આનંદના આહ્લાદથી સજાવી દીધા છે.

રમતજગત તેની સાથે જોડાયેલી પ્રજા સંવેદના અને હૃદયના તાર વિશે વાત કરતાં નીતા અંબાણીએ કહ્યું, ' સ્પોર્ટ્સ એક સંસ્કાર છે જે ભારત દેશ અને એક એક ભારતીયના હૃદયને જોડે છે જેની અસર અત્યંત પરિવર્તનકારી હોય છે. આજે આપણે આજના સુંદર પ્રસંગે આ વિજેતાઓને



જબરજસ્ત જુસ્સો, સમર્પણ, દેશદાઝ અને અપ્રતિમ, અડગ મનોબળના પર્યાયસમી આ ઐતિહાસિક તસવીરમાં મુંબઈ ખાતે દ્વિતીય યુનાઈટેડ ઈન ટ્રાયમ્ફ ઇવેન્ટમાં નીતા અંબાણી સાથે ભારતની ત્રણ અલગ અલગ ક્રિકેટ વર્લ્ડ કપ ચેમ્પિયન ટીમના કેપ્ટન, જેમાં પ્રજ્ઞાચક્ષુ ટીમની કેપ્ટન દીપિકા ટીસી, રોહિત શર્મા અને હરમનપ્રિત કૌર આંખોમાં આંજેલા આગામી સુવર્ણયુગના સપના સાથે એક અદ્ભુત સંદેશો ભારતની પ્રજાને આપી રહ્યા છે.

આવકારીને વિજયની ઉજવણીને ક્ષણોને માણીએ ત્યારે અત્યંત ઉચ્ચ અનુભૂતિ થાય છે. '

કાર્યક્રમમાં ભારતની વર્લ્ડ કપ વિજેતા ટીમોના ત્રણ કેપ્ટન ઉપસ્થિત રહ્યા હતા જેમાં રોહિત શર્મા, હરમનપ્રિત કૌર અને દીપિકા ટીસીનો સમાવેશ થતો હતો, જેમની ટીમના વિજયી પ્રદર્શનથી સમગ્ર દેશમાં અનન્ય માહોલ સર્જાઈ ચૂક્યો છે.

**આ ઉપરાંત આ કાર્યક્રમમાં ત્રણેય ટીમોના વિજયી ખેલાડીઓ જસપ્રિત બુમરાહ, સૂર્યકુમાર યાદવ, સ્મૃતિ મંધાના, જેમીમાં રોડરીગૅસ, ગંગા કદમ ઉપરાંત મહાન ક્રિકેટરો સુનિલ ગાવસ્કર, સચિન તેંડુલકર, રવિચંદ્રન અશ્વિન, ઓલિમ્પિક અને પેરાલિમ્પિક લિજેન્ડ્સ મુરલીકાંત પેટકર, દીપા મલિક, દેવેન્દ્ર ઝાઝારિયા, હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની મહાન હસ્તીઓ અમિતાભ બચ્ચન, શાહરૂખ ખાન વગેરે ઉપસ્થિત રહ્યા હતા**

આ ઉપરાંત આ કાર્યક્રમમાં ત્રણેય ટીમોના વિજયી ખેલાડીઓ જસપ્રિત બુમરાહ, સૂર્યકુમાર યાદવ, સ્મૃતિ મંધાના, જેમીમાં રોડરીગૅસ, ગંગા કદમ ઉપરાંત મહાન ક્રિકેટરો સુનિલ ગાવસ્કર, સચિન તેંડુલકર, રવિચંદ્રન અશ્વિન, ઓલિમ્પિક અને પેરાલિમ્પિક લિજેન્ડ્સ મુરલીકાંત પેટકર, દીપા મલિક, દેવેન્દ્ર ઝાઝારિયા, હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની મહાન હસ્તીઓ અમિતાભ બચ્ચન, શાહરૂખ ખાન વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

યુનાઈટેડ ઈન ટ્રાયમ્ફ એ રમતજગત ક્ષેત્રે શ્રેષ્ઠતા, એકતા અને મૂલ્યોના જતન અને સંવર્ધન માટેનું નીતા અંબાણીનું વિઝન અને મિશન છે.





અત્યંત ભાવસભર અભિવ્યક્તિ સાથે જ્યારે જીવનમાં સામા પાણીએ તરીને પણ કુદરત સાથે તાલ મિલાવતી પ્રબળ ઈચ્છાશક્તિ અને વિજયી મુદ્રા અને મિજાજનો જ્યારે સંગમ સર્જાય ત્યારે એ અદ્ભુત દ્રશ્યોની નાની ઝાંખી પણ ઓછા શબ્દો સાથે એક નવલકથા બની જાય છે. ભારતીય પ્રજ્ઞાચક્ષુ મહિલાઓની વિજેતા ટીમ, આઇસીસી વર્લ્ડ ટી ટ્વેન્ટી ચેમ્પિયન ભારતીય ટીમની કેટલીક ખેલાડીઓ અને આઈસીસી વિમેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ વિજેતા ટીમ સાથે નીતા અંબાણી, અમિતાભ બચ્ચન, સચિન તેંડુલકર અને આઈસીસી ચેરમેન શ્રી જય શાહની આ તસ્વીર મુંબઈમાં યુનાઈટેડ ઈન ટ્રાયમ્ફ ઇવેન્ટમાં આ ત્રિવેણી મૂડ અને જુસ્સાની ગવાહી આપે છે.

# સચિવાલયથી મહાત્મા મંદિર સુધીની મેટ્રોનો ૧૨મીએ PMના હસ્તે પ્રારંભ

## મેટ્રો રેલ સેવાના લોકાર્પણ માટે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી



ગાંધીનગર,

રાજયના પાટનગર ગાંધીનગરના નગરવાસીઓ અને કર્મચારીઓ માટે નવા વર્ષની સૌથી મોટી ભેટ ફૂલ ફ્લેજ્ડ મેટ્રો રેલના રૂપમાં મળી રહી છે. સચિવાલયથી મહાત્મા મંદિર સુધીની મેટ્રો રેલ સેવાના લોકાર્પણ માટે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આગામી ૧૨ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ વડાપ્રધાન પ્રારંભ કરાવશે. વડાપ્રધાન અમદાવાદ જુની હાઈકોર્ટથી મેટ્રો બેસીને મહાત્મા મંદિર આવશે. જ્યાંથી તેઓ અહીં યોજાનાર જર્મન ડેલિગેશનના કાર્યક્રમ માં હાજરી આપશે. ગાંધીનગર સચિવાલયથી મહાત્મા મંદિર સુધીની મેટ્રો રેલ સેવાના પ્રારંભ માટે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. શૈક્ષણિક અને વહીવટી હબ માટે આશીર્વાદરૂપ સેવા આ મેટ્રો લિંક શરૂ થવાથી શહેરના ૨૦ જેટલા સેક્ટરો અને આસપાસના ૩ ગામોના લોકોને સીધો ફાયદો થશે. ખાસ કરીને જૂના સચિવાલય અને સેક્ટર-૧૬માં આવેલી અંદાજે ૬૦ જેટલી સરકારી કચેરીઓના કર્મચારીઓ માટે હવે મુસાફરી અત્યંત સરળ અને આરામદાયક બની જશે. આ ઉપરાંત આ રૂટ પર આવતી કોમર્સ, પોલીટેકનિક અને એન્જિનિયરીંગ કોલેજ જેવી ૮ શૈક્ષણિક સંસ્થાઓના હજારો વિદ્યાર્થીઓને અવરજવરમાં મોટી રાહત મળશે.

પ્રવાસન ક્ષેત્રે પણ અક્ષરધામ અને દાંડી કુટીર જેવા મહત્વના સ્થળો હવે મેટ્રો કનેક્ટિવિટીથી જોડાશે. આ રૂટ પર કુલ ૫ સ્ટેશનો કાર્યરત થશે. ટેકનિકલ પાસાઓની વાત કરીએ તો અત્યાર સુધીમાં આ લાઈન પર ચારેક વખત ટ્રાયલ રન સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવ્યા છે. સીએમઆરએસ (ઝસ્ઈજી) દ્વારા તેનું આખરી ઈન્સ્પેક્શન પણ પુર્ણ કરી દેવાયું છે. જેમાં સુરક્ષા અને સુવિધાઓની ઝીણવટભરી તપાસ બાદ મંજૂરી મળી ગઈ હોવાનું જાણવા મળ્યું છે.

વડાપ્રધાનના આગમનને પગલે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બેઠકોનો દોર શરૂ કરી દેવાયો છે. આજે કલેકટરના અધ્યક્ષ સ્થાને ધારાસભ્ય , વહીવટી વહીવટી તંત્ર સહિતના વિભાગો સાથે સમીક્ષા બેઠક પણ યોજાઈ રહી છે. જયારે મેટ્રો સ્ટેશનોની સજાવટ અને સુરક્ષા વ્યવસ્થાને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ૧૨ જાન્યુઆરીએ આ સેવાનો પ્રારંભ થતા જ ગાંધીનગરના જનજીવનમાં ગતિશીલતા વધશે અને ખાનગી વાહનોના ટ્રાફિકમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળશે તેવું અનુમાન છે.

પાટનગરમાં મેટ્રો રેલ સેવા ફુલ ફેજમાં શરૂ થવાથી વિદ્યાર્થીઓ, કર્મચારીઓ, નગરવાસીઓને ટ્રાફિક સમસ્યા વિના ટ્રાન્સપોર્ટેશન સેવાનો લાભ મળશે. તેમાંય વિદ્યાર્થીઓ અને નોકરીયાતોને વધારે અપડાઉનમાં વધારે રાહત રહેશે.નગરવાસીઓને છેલ્લા દોઢેક વર્ષ અગાઉ સેક્ટર-૧ના સ્ટેશન સુધી આવેલી મેટ્રો રેલ સેવા ન્યુ ગાંધીનગર ગીફ્ટસીટી, જીએનલએલયુ આવરી લીધા હતા.

# હોટલ માલિકનું ચાઈનીઝ દોરીથી ગળું કપાતા ૪૦ ટાંકા આવ્યા

મહેસાણા,

ઉત્તરાયણ પર્વ પૂર્વે જ મહેસાણા શહેરમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરીએ એક નિર્દોષ નાગરિકનો ભોગ લેવાનો પ્રયાસ કર્યો હોય તેવી ગંભીર ઘટના સામે આવી છે. શહેરના રાધનપુર રોડ પરથી પસાર થઈ રહેલા એક બાઈકચાલકના ગળાના ભાગે જીવલેણ દોરી ફસાતા લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલ ખસેડાયા હતા. મળતી માહિતી મુજબ, મહેસાણામાં હોટલ વ્યવસાય સાથે સંકળાયેલો યુવક પોતાના બાઈક પર રાધનપુર રોડ પરથી પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન અચાનક આકાશમાંથી ઉતરી આવેલી કાતિલ ચાઈનીઝ દોરી તેના ગળાના ભાગે આવી ગઈ હતી. દોરી એટલી ધારદાર હતી કે ગળાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને જોતજોતામાં યુવક લોહીલુહાણ થઈ ગયો હતો. ઘટનાને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ઘાયલ યુવકને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યો હતો. ઈજાની ગંભીરતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે તબીબોએ તેમના ગળાના ભાગે ૩૫થી ૪૦ જેટલા ટાંકા લેવા પડ્યા હતા. સ્થાનિકોમાં આ ઘટનાને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે. સરકાર અને પોલીસ પ્રશાસન દ્વારા ચાઈનીઝ દોરીના વેચાણ અને ઉપયોગ પર કડક પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. પોલીસ દ્વારા સતત દરોડા પાડવામાં આવતા હોવા છતાં બજારમાં છૂપી રીતે ચાઈનીઝ દોરીનું વેચાણ થઈ રહ્યું છે. તંત્રની કડકાઈ છતાં કેટલાક લોકો દ્વારા થઈ રહેલો આ ઘાતક દોરીનો ઉપયોગ નિર્દોષ લોકો માટે જીવનું જોખમ ઊભું કરી રહ્યો છે. ભોગ બનનારે માગણી કરી છે કે, ચાઈનીઝ દોરી વેચાણ કરનારા સામે કાર્યવાહી કરવામાં આવે અને હાલમાં મોટાભાગના ફ્લેટો પર લોકો ચાઈનીઝ દોરી વડે પતંગ ચકાવી રહ્યા છે. જેથી પોલીસે સિવિલ ડ્રેસમાં જઈ તપાસ કરવી જોઈએ અને આવા લોકોને પકડી કાર્યવાહી કરવી જોઈએ.

# ગુજરાતમાં ૧૫ જાન્યુ. સુધી કોલ્ડ વેવની આગાહી

## રાજ્યના અનેક વિસ્તારોમાં લઘુતમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. નલિયા ૭.૫ ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યનું સૌથી ઠંડું શહેર

અમદાવાદ,

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે રાજયના હવામાનમાં સતત ફેરફાર જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના અનેક વિસ્તારોમાં લઘુતમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. નલિયા ૭.૫ ડિગ્રી સેલ્સિયસ સાથે રાજયનું સૌથી ઠંડું શહેર બન્યું છે. ત્યાર બાદ ડીસામાં ૧૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જેના કારણે વહેલી સવારે અને મોડીરાત્રે લોકો કડકડતી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. આગામી ૧૫ જાન્યુઆરી સુધી ગુજરાતમાં કોલ્ડ વેવની સંભાવના છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હાલમાં ઉત્તર-પૂર્વથી પૂર્વ તરફના પવનો ફૂંકાઈ રહ્યા છે. આગામી પાંચ દિવસ લઘુતમ તાપમાનમાં કોઈ મોટો બદલાવ નહીં થાય. એ બાદ લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ તાપમાનનો ધીરે ધીરે વધારો થશે. રાજ્યમાં આજથી મહત્તમ તાપમાન ૧થી ૨ વધઘટ રહેશે, જ્યારે લઘુતમ તાપમાન રાત્રે ૧થી ૨ ડિગ્રીનો સામાન્ય ફેરફાર રહેશે. ઉત્તર-પૂર્વના પવનો ફૂંકાવાને લીધે ઠંડીનો ચમકારો રહેશે. રાત્રે પવનની ગતિમાં વધારો રહેતાં ઠંડીનો અહેસાસ થશે.

હવામાન વિભાગની આગામી ૭ દિવસની આગાહી મુજબ, આગામી એક દિવસ દરમિયાન લઘુતમ તાપમાનમાં ખાસ કોઈ મોટો ફેરફાર નહીં થાય, પરંતુ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે. તાપમાનમાં વધારો થતાં ઠંડીનું પ્રમાણ થોડું ઘટશે અને લોકોને રાહત મળશે. સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતાં થોડું વધારે હોવા છતાં રાત્રિના સમયે ઠંડી યથાવત્ રહેશે. પવનની દિશામાં ફેરફાર થવાથી તાપમાનમાં આગળ પણ ઉતાર-ચઢાવ જોવા મળી શકે છે. મહત્ત્વની વાત એ છે કે હવામાન વિભાગે સ્પષ્ટ કર્યું છે કે આગામી ૯ જાન્યુઆરી સુધી સમગ્ર રાજયમાં વરસાદની કોઈ શક્યતા નથી અને વાતાવરણ શુષ્ક રહેવાની સંભાવના છે.

લા-નિના એ અલ-નિનોના બરાબર વિરુદ્ધ છે. જ્યારે પૂર્વીય પ્રશાંત મહાસાગર ક્ષેત્રની સપાટી પર હવાનું દબાણ ઓછું હોય છે ત્યારે એક પરિસ્થિતિનું નિર્માણ થાય છે, જેને લા-નિના કહેવામાં આવે છે. જ્યારે આ પરિસ્થિતિ થાય છે ત્યારે દરિયાની સપાટીનું તાપમાન નોંધપાત્ર રીતે ઘટે છે, જે વિશ્વભરના તાપમાનને અસર કરે છે.

# એલીસબ્રિજ અને અમરાઈવાડીમાં જુગારના અડ્ડા ઝડપાયા

## પોલીસે ૬ મહિલાઓ સહિત ૯ની ધરપકડ કરી રાણીપ પોલીસે યુવકને ગાંજા સાથે ઝડપ્યો

અમદાવાદ

અમદાવાદમાં હવે પુરુષ સાથે મહિલાઓ પણ જુગાર રમતા અને રમાડતા ઝડપાઈ છે.એલીસબ્રીજ પોલીસે ત્રણ મહિલાઓ સહિત પાંચ લોકોની ધરપકડ કરી છે જયારે અમરાઈવાડી પોલીસે જુગાર રમતી ત્રણ મહિલાઓ સહિત ચાર લોકોની ધરપકડ કરી છે. મહિલાઓ પોતાના ઘરમાં જુગારનો અડ્ડો ચલાવતી હતી જ્યા પોલીસે રેડ કરીને કાર્યવાહી કરી છે. જુગાર રમવા માટે આવતા લોકો પાસેથી મહિલાઓ રૂપિયા પણ ઉઘરાવતી હતી. જયારે ત્રીજા બનાવમાં રાણીપ પોલીસે યુવકને ગાંજા સાથે ઝડપ્યો છે. એલીસબ્રીજ પોલીસે પણ ડોક્ટર હાઉસની પાસેથી સ્પ્રીંગ્વેલી ફ્લેટ્સમાંથી જુગાર રમતી મહિલાઓને ઝડપી પાડી છે. પોલીસની બાતમી મળી હતીકે ફ્લેટમાં કેટલાક લોકો જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે રેડ કરતા હેત્તલ સોની, મીના સાગર, મનીષા સોની,વિપૂલ મહેતા અને જનક પટેલની ધરપકડ કરી છે. પાંચેય જુગારીઓ પાસેથી પોલીસે ૯૫૪૦૦ રૂપિયા જપ્ત કર્યા છે.

અમરાઈવાડી પોલીસને માહિતી મળી હતીકે અમરાઈવાડી મેટ્રો પીલ્લર ૬૬ પાસેના એક મકાનમાં રહેતી ઉષા વાઘેલા નામની મહિલા પોતાના ઘરમાં જુગારનો અડ્ડો ચલાવે છે. બાતમીના આધારે પોલીસની ટીમે ઉષાના ઘરમાં દરોડા પાડ્યા હતા જેમાં ત્રણ મહિલા સહિત ચાર લોકો ઝડપાયા છે. પોલીસે ઉષા વાઘેલા, સુર્યકાંત રાઠોડ, નિર્માલ વાઘેલા અને ભાણી રાઠોડની ધરપકડ કરી છે. પોલીસે તેમની પાસેથી ૩૨૬૦૦ રોકડા જપ્ત કર્યા છે. રાણીપ પોલીસને બાતમી મળી હતી કે. કેશનવનગર મદ્રાસીની ચાલી પાસે યુવરાજ દરબાર નામનો યુવક ગાંજો લઈને આવ્યો છે. બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી અને યુવરાજની અટકાયત કરી હતી જેની પાસેથી ગાંજો મળી આવ્યો હતો. યુવરાજ પાસેથી પોલીસે ૫૮૦ ગ્રામ ગાંજો જપ્ત કર્યો છે જેની કિંમત ૨૯ હજાર રૂપિયા થાય છે. પોલીસે યુવરાજની પુછપરછ કરતા તેણે કબુલાત કરી હતી કે આ ગાંજાનો જથ્થો ભરુતના મુન્નાભાઈ નામના વ્યકિતએ વેચાણ કરવા માટે આપ્યો હતો. પોલીસે એફએસએલની ટીમને બોલાવી હતી અને મળી આવેલા પ્રદાર્થનું પરિક્ષણ કર્યુ હતું તો તે ગાંજો હોવાનું સામે આવ્યુ હતું. રાણીપ પોલીસે યુવરાજ વિરૂદ્ધ નાર્કોટીક્સનો કેસ કરીને તપાસ શરૂ કરી છે.

ક્રાઈમ બ્રાંચની ટીમને બાતમી મળી હતી કે, બહેરામપુરા કેલીકોમીલ પાસે એક યુવક બેઠો છે જેની પાસે ઈ-સિગારેટનો જથ્થો છે. બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચની ટીમ ઘટના સ્થળે પહોચી ગઈ હતી અને ઈમરાન છીપા નામના યુવકની ધરપકડ કરી હતી. ઈમરાન છીપા પાસે એક પ્લાસ્ટીકની થેલી હતી જેમાં ઈ-સિગારેટનો જથ્થો હતો. ક્રાઈમ બ્રાંચે ઈમરાનની ધરપકડ કરીને તેની પાસેથી ૧૮ ઈ-સિગારેટ ઝડપી લીધી છે. ઈમરાનની ધરપકડ કરીને તે ઈ-સિગારેટનો જથ્થો કોની પાસેથી લાવ્યો હતો જેની તપાસ શરૂ કરી છે. હાલ ઈ-સિગાટેનું ચલણ સૌથી વધુ જોવા મલી રહયુ છે જેમાં પોલીસ કાર્યવાહી કરે છે.

# અમદાવાદના શાહઆલમ પાસે ગાળો બોલવાનીના પાડતા પરિવાર પર જીવલેણ હુમલો

## પોલીસે ચાર આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

અમદાવાદ,

અમદાવાદના શાહઆલમમાં જાહેર રસ્તા પર બૂમો પાડવાની ના પાડતા ચાર શખ્સોએ પરિવાર પર જીવલેણ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. પરિવારને લાકડીથી માર મારી અને પરિવાર પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. આ ઘટનાનો વીડિયો હાલ સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે. આ હુમલામાં ચાર વ્યક્તિઓને ઈજા પહોંચતા એલ.જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. પોલીસે ચાર આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અમદાવાદના શાહઆલમ વિસ્તારમાં રહેતા ઈરફાન વજીબદાર મીઠાખળી ચાર રસ્તા પર કાર એસેસરીઝનો વેપાર કરે છે. તે દરમિયાન ઈરફાન શાહઆલમ, એમ.એસ. લેન્ડ માર્ક સામે, નાઝ બ્યુટિશિયનની દુકાન પાસેથી જઈ રહ્યા હતા. ત્યારે 'પાપે ફાય સેન્ટર'નો માલિક શૈફઅલી તેના ત્રણ સાથીદારો સાથે જોર-જોરથી બૂમો પાડી રહ્યો હતો. ત્યાં મહિલાઓની અવર-જવર હોવાથી ઈરફાનભાઈએ શાંતિ જાળવવા વિનંતી કરતા આરોપી શૈફઅલી ઉશ્કેરાઈ ગયો હતો. જે બાદ તેણે ઈરફાનને ગંદી ગાળો બોલી અને લાકડાના દંડા વડે હુમલો કર્યો, જેનાથી ઈરફાનને જમણા હાથે ઈજા થઈ હતી.

વાઈરલ થઈ રહેલા વીડિયોમાં જોઈ શકાય છે કે, શૈફઅલી અને તેના ત્રણ સાગરીતો હાથમાં દંડો લઈને ઈરફાન અને તેના પરિવાર સામે પથ્થરમારાનો પ્રયાસ કરી રહ્યા હતા. તે દરમિયાન શૈફઅલીએ એક પથ્થરનો છુટ્ટો ઘા કરી પરિવારને ઈજા પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. જે બાદ તેના ત્રણ સાગરીતો પણ ઉગ્ર બનીને પથ્થરમારો કરવા લાગ્યા હતા. સામે નાના છોકરા, મહિલા અને અન્ય લોકો પણ હોવા છતાં આરોપીઓ અટક્યા નહીં અને પથ્થરમારો શરૂ રાખ્યો હતો. જે બાદ એક વ્યક્તિ લાકડાના દંડા વડે માર મારવા આગળ આવ્યો હતો. ત્યારે ઈરફાનની સાઈડથી આરોપીઓને ભગાડવા કોઈ વસ્તુનો ઘા કરતા આરોપીઓ વધુ ઉશ્કેરાયા હતા અને દંડા લઈને માર મારવા છેક આગળ સુધી પહોંચી ગયા હતા અને માર પણ માર્યો હતો. તે દરમિયાન શૈફઅલી મહિલા પર પણ હુમલો કરતો વીડિયોમાં કેદ થયો હતો.

ઈરફાનને બચાવવા વચ્ચે પડેલા તેમની પત્ની યાશ્મીન બાનુ પર શૈફઅલી વધુ આક્રમક બન્યો હતો. તે દરમિયાન ઈરફાનની પત્ની પર છરી વડે હુમલો કર્યો, જેના કારણે ડાબા હાથ પર ઘસરકો પડ્યો હતો. ત્યારબાદ શૈફઅલી અને તેના સાથીદારોએ ઈરફાનને દંડા અને ગડદા-પાટુ વડે માર મારવાનું ચાલુ રાખ્યું. જેના પગલે ઈરફાનના હોઠ પર પણ ઈજા થઈ હતી. આ ઝઘડામાં ઈરફાનના બે નાના ભાઈઓ મક્સુદ અને અલ્તાફ વચ્ચે પડતા આરોપી શૈફઅલીએ મક્સુદને માથાના પાછળના ભાગે દંડો માર્યો, જયારે અલ્તાફને કપાળ પર ઈજા પહોંચી હતી. ચારેય હુમલાખોરોએ ભેગા મળી ત્રણેય ભાઈઓ પર જીવલેણ હુમલો કર્યો હતો.

# કેદીઓની સજામાફી અને વહેલા જેલ મુક્તિ સંબંધિત નીતિઓ અને નિયમ પાલન કોર્ટ સમક્ષ મૂકો

## હાઈકોર્ટે રાજ્ય સરકાર પાસે જવાબ માગ્યો



અમદાવાદ,

ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારને કેદીઓની સજા માફી અને સમય પહેલાં મુક્તિ સંબંધિત તેની નીતિઓની નકલ તેમજ આ નીતિઓના અમલ અંગેનો અહેવાલ કોર્ટ સમક્ષ રજૂ કરવા જણાવ્યુંછે. સુપ્રીમ કોર્ટ દ્વારા દેશભરના તમામ હાઈકોર્ટોને સજા માફી નીતિઓના અમલની દેખરેખ અને સુપરવિઝન કરવા સૂચના આપવામાં આવી હોવાથી હાઈકોર્ટે આ મુદ્દે સૂઓમોટો નિર્ણય લીધો હતો હાઈકોર્ટે પોતાના આદેશમાં જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટ દ્વારા રાજ્ય સરકારોની સજા માફી અને સમય પહેલાં મુક્તિની નીતિઓના અમલની દેખરેખ માટે આ બેન્ચની રચના કરવામાં આવી છે. સુનાવણી દરમિયાન સરકારી વકીલ જી.એચ.વીર્કે રજૂઆત કરી હતી કે, સુપ્રીમ કોર્ટના આદેશમાં ગુજરાત રાજ્યનું નામ દર્શાવાયું નથી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાત રાજ્ય અંગે સુપ્રીમ કોર્ટ દ્વારા સમયાંતરે વિવિધ ચુકાદાઓમાં આપવામાં આવેલી સૂચનાઓનુંસંપૂર્ણ પાલન કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારની રજૂઆત સાંભળ્યા બાદ કોર્ટે જણાવ્યું કેસ આવી પરિસ્થિતિમાં નિયમોના પાલન થયાનું મૂલ્યાંકન કરવા તેમજ હાલની નીતિઓની તપાસ કરવા માટે સજા માફી સંબંધિત હાલની નીતિઓની નકલ તેમજ સુપ્રીમ કોર્ટના ચુકાદામાં ઉલ્લેખિત એમિક્સ ક્યુરીને આપવામાં આવેલા નિયમ પાલન અહેવાલની નકલ રેકોર્ડ પર રજૂ કરે.

# ચાંદખેડાની પ્રાઈવેટ હોસ્પિટલમાં કર્મચારીએ ૭૦ હજાર ચોર્યા

## હાઉસ કીપીગનું કામ કરતા શખ્સે ડ્રોવરનું લોક તોડ્યું, દર્દીની ફીના પૈસા ચાઉં કરીને ફરાર

અમદાવાદ,

અમદાવાદ શહેરના ચાંદખેડામાં આવેલી એક હોસ્પિટલમાં કામ કરતા હાઉસ કીપિંગના કર્મચારીએ જ હોસ્પિટલના OPDના દર્દીના ફીના ૭૦ હજાર રૂપિયાની ચોરી કરી છે. મેનેજમેન્ટની ઓફિસમાં ડ્રોવરનું લોક તોડીને કર્મચારીએ ૭૦ હજારની ચોરી કરી હતી. જે બીજા દિવસે સીસીટીવી ચેક કરતા જાણ થઈ હતી. જેથી હોસ્પિટલ દ્વારા ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પાલડીમાં રહેતા ડૉ. રચિત શેઠ ચાંદખેડામાં આવેલી સીનરજી મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં ઓ. ટી આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવે છે. ૨૫ ડિસેમ્બરે તેઓ ઓપીડી પેશન્ટની ફીના ૭૦ હજાર રોકડા ગણીને લોક મારીને ગયા હતા. બીજા દિવસે સવારે જ્યારે તેઓ આવ્યા ત્યારે ડ્રોવર તૂટેલી હાલતમાં હતું અને ૭૦ હજાર રૂપિયા પણ ત્યાંથી ગાયબ હતા. જેથી તેમણે સીસીટીવી કેમેરા ચેક કર્યા ત્યારે હાઉસ કીપિંગનું કામ કરતા સચિન વણકરે તેમની કેબિનમાં જઈને ડ્રોવર તોડી ૭૦ હજાર રૂપિયાની ચોરી કરી હતી.તેમણે સચિનને ફોન કર્યો તો સચિનને ફોન ઉપાડ્યો ન હતો અને સચિને નોકરી આવવાનું પણ બંધ કરી દીધું હતું.આ અંગે તેમણે સચિન વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

# ગાંધીનગર કલેક્ટર કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી:સુરક્ષાને લઈ દોડધામ

## સુરક્ષાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક સમગ્ર કચેરી ખાલી કરાવવામાં આવી

ગાંધીનગર,

ગાંધીનગર સ્થિત કલેક્ટર કચેરીમાં બોમ્બ મૂકવામાં આવ્યો હોવાની ધમકી મળતા અચાનક અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સુરક્ષાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક સમગ્ર કચેરી ખાલી કરાવવામાં આવી હતી અને કર્મચારીઓ તેમજ હાજર નાગરિકોને બહાર કાઢવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, કલેક્ટર કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં જ પોલીસ વિભાગ અને પ્રશાસન એલર્ટ પર આવી ગયું હતું. ધમકી મળ્યાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડને સ્થળ પર બોલાવવામાં આવ્યા હતા. કચેરીના દરેક ખૂણાની બારીકીથી તપાસ શરૂ કરવામાં આવી છે.

સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે કલેક્ટર કચેરી આસપાસનો વિસ્તાર સીલ કરવામાં આવ્યો છે અને અનાવશ્યક આવન-જાવન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. હાલ પ્રાથમિક તપાસ ચાલી રહી છે અને ધમકી સાચી છે કે ખોટી તેની ચકાસણી કરવામાં આવી રહી છે.

# મહેશ વસાવા કોંગ્રેસનો ખેસ પહેરશે, ગુજરાતના રાજકારણમાં ખળભળાટ

## કોંગ્રેસના જનાક્રોશ યાત્રા દરમ્યાન પક્ષમાં જોડાશે

દાહોદ,

ગુજરાતના રાજકારણમાં સૌથી મોટા સમાચાર આવ્યા છે. સ્થાનિક ચૂંટણી પહેલા જ ભરશિયાળે રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. આમ આદમી પાર્ટીમાંથી ભાજપમાં જનારા મહેશ વસાવાએ ગયા વર્ષે તેમની વાતોને યોગ્ય પ્લેટફોર્મ મળતું ન હોવાનું કહીને ભાજપ પણ છોડી દીધુ હતુ. મહેશ વસાવા હવે કોંગ્રેસમાં જોડાશે. તેઓ કોંગ્રેસના જનાક્રોશ યાત્રા દરમ્યાન પક્ષમાં જોડાશે.

દાહોદના કંભોઈ ગામમાં કોંગ્રેસની જનાક્રોશ યાત્રાનો સમાપન કાર્યક્રમ છે. આ જનસભામાં મહેશ વસાવા કોંગ્રેસનો ખેસ પહેરી શકે છે. ગુજરાત કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા તેમનો વિધિવત કોંગ્રેસ પ્રવેશ કરાવી શકે છે. કોંગ્રેસમાં આમ પણ આદિવાસી નેતાઓનો દુકાળ પડ્યો છે ત્યારે મહેશ વસાવા કોંગ્રેસની થિયરીમાં બરોબર ફિટ બેસતા નેતા છે. કોંગ્રેસને આમ પણ આદિવાસી નેતાની કમી વર્તાઈ રહી છે. આમ ડેડિયાપાડાના ભૂતપૂર્વ ધારાસભ્ય મહેશ વસાવાએ હવે પોતાના માટે નવું ઘર શોધી લીધી હોવાનું કહેવાય છે.

# વડોદરા સેન્ટ્રલ જેલમાં ચેક રિટર્ન કેસના કેદીનું મોત

વડોદરા,

વડોદરા સેન્ટ્રલ જેલમાં એક દુઃખદ ઘટના બની છે. ચેક રિટર્ન કેસમાં દોષિત ઠરાવીને સજા કાપી રહેલા ૫૨ વર્ષીય કેદી પ્રિતેશ કાંતિલાલ જાધવનું અચાનક તબિયત બગડતા મોત નીપજ્યું છે. આ ઘટનાએ જેલ પ્રશાસનમાં દોડધામ મચાવી દીધી છે અને કેદીઓની આરોગ્ય વ્યવસ્થા પર ફરીથી સવાલો ઉભા કર્યા છે. જેલ અધિકારીઓએ તાત્કાલિક તેમને સયાજી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું અવસાન થયું. હાલમાં મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે અને વધુ તપાસ ચાલુ છે.

૫ જાન્યુઆરીએ વડોદરા કોર્ટે પ્રિતેશ જાધવને ચેક રિટર્ન કેસમાં દોષિત ઠરાવ્યા હતા. કોર્ટે તેમને ૧.૫ વર્ષની સજા અને ૧.૫૦ લાખ રૂપિયાના દંડનો આદેશ આપ્યો હતો. આ કેસમાં પ્રિતેશ જાધવ પર આરોપ હતો કે તેમણે અપર્યાપ્ત બેલેન્સને કારણે ચેક આપ્યો હતો જે પાછો ફરી આવ્યો હતો.

# એનએસયુઆઈ દ્વારા જામનગરમાં ડ્રગ્સ મુક્ત કોલેજ કેમ્પસ અંતર્ગત શપથ કાર્યક્રમ યોજાયો


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : ગુજરાતમાં એનએસયુઆઈ દ્વારા એનએસયુઆઈનો સંકલ્પ ડ્રગ્સ મૂક્ત કેમ્પસ નામના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર ગુજરાતની કોલેજોના કેમ્પસમાં ક્ષતીશની ટીમ જઈ રહી છે અને ડ્રગ્સની વિરૂધ્ધમાં મુહિમ ચલાવી રહી છે.

ડ્રગ્સ મુકત કેમ્પસની શપથ લેવડાવી રહી છે. જેના અનુસંધાને આજ આ યાત્રા જામનગર ખાતે આવી પહોંચેલ હતી તેની શરૂઆત એચ જે દોશી કોલેજ અને એકે દોશી કોલેજ ખાતેથી કરવામાં આવેલ હતી ત્યારબાદ હરિયા કોલેજમાં આ યાત્રા પહોંચેલ હતી આજના આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ એ નાટક અને વિદ્યાર્થીઓની સ્પીચ દ્વારા ડ્રગ્સ મુક્ત કેમ્પસ બને તે માટેના પ્રયત્નો કરવા માટેની વાત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ખાસ ગુજરાત કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ અને ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ સિન્ડિકેટ સભ્ય ડો.ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, જામનગરના પૂર્વ સાંસદ અને પૂર્વ ધારાસભ્ય વિક્રમભાઈ માડમ જામનગર શહેર કોંગ્રેસના પ્રમુખ દિગુભા જાડેજા ચેમ્બર ઓફ કોમર્સ ગુજરાતના મંત્રી બિપેન્દ્રસિંહ જાડેજા વગેરે મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ ડો તોસિફખાન પઠાણ શક્તિસિંહ જેઠવા મહિપાલસિંહ જાડેજા રવિરાજસિંહ ગોહિલ દેવરાજભાઈ ગોહિલ વગેરેની આગેવાનીમાં યોજાયો હતો.

## લાખોટા નેચર ક્લબ દ્વારા નારારા ટાપુના શૈક્ષણિક પ્રવાસનું આયોજન

જામનગર : જામનગરની લાખોટા નેચર ક્લબ દ્વારા ભારતના પ્રથમ મરીન નેશનલ પાર્ક ખાતે આવલ એવા નારારા ટાપુ (Narara Island) ખાતે તા. ૧૧/૧/૨૦૨૬ અને રવિવારના રોજ એક દિવસીય શૈક્ષણિક અને પ્રકૃતિ પરિચય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રવાસ માટે જામનગર થી જોડાઈ શકાય છે. આ પ્રવાસનો હેતુ લોકોમાં સમુદ્રી પર્યાવરણ, મરીન બાયોડાયવર્સિટી અને કુદરત પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો છે.

નારારા ટાપુ તેની અનોખી સમુદ્રી જીવસૃષ્ટિ, કુદરતી પરિસ્થિતિ અને મરીન અભ્યાસ માટે સમગ્ર ગુજરાતમાં જાણીતો છે. આ પ્રવાસ દરમિયાન ભાગ લેનારાઓને સમુદ્રી પર્યાવરણને નજીકથી સમજવાની અને પ્રકૃતિ સાથે જોડાવાની અનોખી તક મળશે. આ પ્રવાસમાં ભાગ લેવા ઈચ્છુક લોકો જામનગરથી આયોજિત પ્રવાસ વ્યવસ્થા દ્વારા સરળતાથી જોડાઈ શકે છે, જેથી વ્યક્તિગત વ્યવસ્થાની જરૂર રહેતી નથી અને તમામ ભાગ લેનારાઓ માટે સુવિધાજનક રીતે પ્રવાસનો લાભ મળી શકે. તે માટે પ્રવાસ તારીખના ૫ દિવસ પેહલા નામ નોંધાવવું ફરજિયાત છે.

લાખોટા નેચર ક્લબ દ્વારા આયોજિત આ પ્રવાસ ખાસ કરીને પ્રકૃતિપ્રેમીઓ, વિદ્યાર્થીઓ અને નેચર એન્થુઝિયાસ્ટ્સ માટે લાભદાયક સાબિત થશે. પ્રવાસ દરમિયાન નિષ્ણાત માર્ગદર્શકો દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે જેથી ભાગ લેનારાઓને મરીન પર્યાવરણ વિશે યોગ્ય માહિતી પ્રાપ્ત થઈ શકે. આ પ્રવાસ માટે મર્યાદિત સંખ્યામાં નોંધણી સ્વીકારવામાં આવશે. વધુ માહિતી અને નોંધણી માટે ઈચ્છુક વ્યક્તિઓએ સંદીપભાઈ વ્યાસ (મો. ૯૮૯૮૭૦૦૬૫૭) અથવા જયભાઈ ભાયાણી (મો. ૯૦૩૩૫૫૦૩૪૧)નો સંપર્ક કરવા લાખોટા નેચર ક્લબ દ્વારા યાદીમાં જણાવ્યું છે.

# વસઈ ગામે રસ્તે રઝળતા ઢોરનો આતંક, યુવાનને પછાડી દઈ રીતસર મસળી નાખ્યો

**લોકોએ પથ્થર અને પાણીનો મારો ચલાવી ઢોરને દૂર કરતા યુવાનનો જીવ માંડ માંડ બચ્યો**


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર તાલુકાના મોટી ખાવડી ગામમાં મંગળવારે સવારે એક રસ્તે રઝળતા પશુએ રીતસરનો આતંક મચાવ્યો હતો. અને એક રાહદારી યુવાનને હડફેટમાં લઈ લીધો હતો, અને તેને જમીન પર પછાડી દીધો હતો ત્યારબાદ ભુરાયા બનેલા ઢોરે રાહદારી યુવાનને મસળી નાખ્યો હતો, અને ગંભીર સ્વરૂપે ઘાયલ કર્યો હતો.

આ ઘટના સમયે જાહેર રોડ પર અનેક લોકો એકત્ર થઈ ગયા હતા, અને ઢોરને પડકારવા માટેનો પ્રયત્ન કર્યો હતો. કોઈએ પથ્થરના ઘા કર્યા હતા, તો કોઈએ પાણીનો મારો ચલાવ્યો હતો. થોડો સમય માટે ઢોરનું ધ્યાન ભટકતાં અને બીજા વ્યક્તિને હડફેટમાં લેવાનો પ્રયત્ન કરતાં ઈજાગ્રસ્ત યુવાન પોતાનો જીવ બચાવીને સાઈડમાં ભાગ્યો હતો, જેથી માંડમાંડ તેનો જીવ બચ્યો હતો, અને તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો.

આમ રસ્તે રઝળતા ઢોરના કારણે એક માનવ જિંદગી જોખમમાં મુકાઈ હતી, પરંતુ અન્ય લોકોએ હિંમત દાખવીને ઢોરને દૂર કરવાનો પ્રયત્ન કરતાં આખરે યુવાનનો જીવ બચ્યો હતો. કોઈ વ્યક્તિએ આ સમગ્ર બનાવનો વિડીયો પોતાના મોબાઈલ ફોનમાં બનાવી લીધો હતો. જે સમગ્ર જામનગર પંથકમાં વાયરલ થઈ રહ્યો છે.

# જામનગર જિલ્લામાં મતદારયાદી સુધારણા કાર્યક્રમ અન્વયે ૯,૭૨૫થી વધુ અરજીઓ પ્રાપ્ત થઈ


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : ભારતના ચૂંટણી પંચના આદેશ અનુસાર જામનગર જિલ્લામાં 'મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૬' અંતર્ગત તા.૩/૧/૨૦૨૬ અને ૪/૧/૨૦૨૬ના રોજ ખાસ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાના પાંચેય વિધાનસભા વિસ્તારોમાં નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાના જરૂરી ફોર્મ્સ સબમિટ કર્યા હતા.

જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ, આ બે દિવસની ખાસ ઝુંબેશ દરમિયાન કુલ ૯,૭૨૫ ફોર્મ્સ સ્વીકારવામાં આવ્યા છે. જેમાં સૌથી વધુ નવા મતદારોની નોંધણી અંગેના ફોર્મ મળ્યા છે. ૧૮ વર્ષ પૂર્ણ કરનાર યુવાનો અને અત્યાર સુધી નામ નોંધાવવાથી વંચિત રહી ગયેલા નાગરિકો દ્વારા ફોર્મ નં. ૬ અંતર્ગત કુલ ૫,૩૫૨ અરજીઓ કરવામાં આવી છે. આ ઉપરાંત, મતદારયાદીમાં જરૂરી સુધારા-વધારા અને સરનામું બદલવા માટેના ફોર્મ નં. ૮ અંતર્ગત ૩૮૯૪ અરજીઓ અને નામ કમી કરવા માટેના ફોર્મ નં. ૭ અંતર્ગત ૪૭૯ અરજીઓ ચૂંટણી તંત્રને મળી છે.

જિલ્લાની પાંચ વિધાનસભા વિસ્તારોમાં થયેલી કામગીરી પર નજર કરીએ તો, જામનગર ગ્રામ્ય વિસ્તારમાં સૌથી વધુ ૩,૪૮૩ અરજીઓ સાથે નોંધપાત્ર કામગીરી થઈ છે. ત્યારબાદ જામનગર ઉત્તરમાં ૧,૯૧૨, જામજોધપુરમાં ૧,૪૪૪, કાલાવડમાં ૧,૫૦૮ અને જામનગર દક્ષિણમાં ૧,૩૭૮ અરજીઓ મળી છે. નવા નામની નોંધણી ફોર્મ-૬માં પણ જામનગર ગ્રામ્ય ૧,૮૮૬ ફોર્મ સાથે જિલ્લામાં અગ્રેસર રહ્યું છે.

જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી કેતન ઠક્કરના માર્ગદર્શન હેઠળ દરેક મતદાન મથકો પર બી.એલ.ઓ. દ્વારા હાજર રહીને કામગીરી કરવામાં આવી હતી. આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય એક પણ પાત્રતા ધરાવતો મતદાર નોંધણીથી વંચિત ન રહી જાય તે સુનિશ્ચિત કરવાનો છે. વહીવટી તંત્ર દ્વારા હજુ પણ બાકી રહી ગયેલા નાગરિકોને ઓનલાઈન પોર્ટલ અથવા એપના માધ્યમથી તેમજ બી.એલ.ઓ.નો સંપર્ક કરી વહેલી તકે નોંધણી કરાવી લેવા અપીલ કરવામાં આવી છે.

# ટ્રાફિક પોલીસ દ્વારા માર્ગ સલામતી અંગે વાહન ચાલકોને માર્ગદર્શન


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : નેશનલ રોડ સેફ્ટી મંથ- ૨૦૨૬ અન્વયે જામનગર ટ્રાફિક શાખા દ્વારા રાજકોટ-વાડીનાર ટોલ વે કંપની સાથે સંકલન સાધી ઠેબા ચોકડી ખાતે માર્ગ સલામતી અંગે વિશેષ કાર્યવાહી કરવામાં આવી હતી. આ દરમ્યાન ભારે વાહનોની પાછળ રેડિયમ પટ્ટી તથા રિફ્લેક્ટર લગાવવામાં આવ્યા. તેમજ પસાર થતા વાહનચાલકોને હેલ્મેટ પહેરવાની, સીટબેલ્ટ બાંધવાની તથા ઝિબ્રા ક્રોસિંગના પાલન બાબતે સમજ આપવામાં આવી. ટ્રાફિક નિયમો અંગે વધુમાં વધુ જાગૃતિ લાવવાના હેતુથી આશરે ૫૦૦ જેટલા પેમ્પલેટની વહેંચણી કરવામાં આવી અને વાહનચાલકોને ટ્રાફિક નિયમોનું પાલન કરી સેફ ડ્રાઈવિંગ કરવા અપીલ કરવામાં આવી.

# જામનગર સખી ક્લબ-૨ નો આજે પદગ્રહણ સમારોહ યોજાશે

જામનગર : જામનગરમાં મહિલાઓની જાણીતી સંસ્થા સખી ક્લબ-૨ નો આજે પદગ્રહણ સમારોહ યોજાશે. જેમાં મંત્રી, સાંસદ, મેયર, ધારાસભ્ય સહિતના રાજકીય આગેવાનો હાજરી આપશે.

જામનગરમાં છેલ્લા ૨૮ વર્ષથી કાર્યરત બહેનોની સખી ક્લબ-૨ નો આજે શપથવિધિ સમારોહ "કૃષ્ણ સદા સહા" અંતર્ગત આજે ટાઉન હોલ ખાતે સાંજે ૬ વાગ્યે યોજાશે. જેમાં મુખ્ય મહેમાન તરીકે શિક્ષણ મંત્રી રિવાબા જાડેજા, સાંસદ પૂનમબેન માડમ, મેયર વિનોદ ખીમસૂર્યા, ધારાસભ્ય દિવ્યેશ અકબરી તેમજ શહેર ભાજપ પ્રમુખ બીનાબેન કોઠારી સહિતના આગેવાનો ઉપસ્થિત રહેશે, આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ મિતાબેન મોદી, સેક્રેટરી હીનાબેન ઓઝા તેમજ ટ્રેઝરર હેતલબેન મોનાણીની ટીમ જહેમત ઉઠાવી રહ્યા છે.

# હાપા માર્કેટ યાર્ડવાળો એક તરફનો માર્ગ ચાર માસ માટે બંધ રહેશે

જામનગર : જામનગર નજીક હાપા માર્કેટ યાર્ડ વાળા માર્ગમાં ભૂગર્ભ ગટરની કામગીરી કરવાની હોવાથી ચાર માસ માટે આ એક તરફનો માર્ગ બંધ રાખવામાં આવશે. આ માટે મહાનગરપાલિકાના કમિશનર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

જામનગર મહાનગરપાલિકાના કમિશનર ડી. એન. મોદીએ બીપીએમસી એક્ટની કલમની જોગવાઈ હેઠળ મળેલ સતાની રૂએ જાહેર જનતાને જાહેર નોટિસથી જાણ કરી છે કે, જામનગર મહાનગર પાલિકાની હદમાં હાપા માર્કેટિંગ યાર્ડના મુખ્ય રસ્તા પાસે રેલવે ફાટકથી હાપા માર્કેટિંગ યાર્ડ થઇ રાધિકા સ્કુલ તરફ જવાના ૪૫ મીટર ટી. પી. રોડ સુધી જતા રસ્તામાં રેલ્વે ઓવર બ્રીજના મધ્યરેખાથી દક્ષિણ દિશા તરફના સર્વિસ રસ્તામાં તથા હાપા માર્કેટિંગ યાર્ડ વાળા મુખ્ય રસ્તા થઇ રાધિકા સ્કુલ તરફ જવાના ૪૫ મીટર ટી. પી. રોડ પર આવેલ મેરીયા કોલોની સુધી જતા રસ્તામાં મધ્યરેખાથી પૂર્વ દિશા તરફના રસ્તામાં ભૂગર્ભ ગટરની મુખ્ય પાઈપ લાઈન નાખવાની કામગીરી અનુસંધાને સલામતીના ભાગરૂપે તેમજ અકસ્માત નિવારવાના હેતુથી તા. ૮-૧ થી ૭-૫ એટલે કે, ચાર માસ સુધી તમામ વાહન વ્યવહાર બંધ રાખવા આથી જાહેર નોટીસ બહાર પાડવામાં આવે છે. જેનો અમલ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.

જે કોઈ વ્યક્તિ આ હુકમનો ભંગ કરશે તેની સામે ધી બીપીએમસી એક્ટની કલમ અનુસાર દંડની કાર્યવાહી કરવામાં આવશે. હાપા માર્કેટિંગ યાર્ડના મુખ્ય રસ્તા પાસે રેલ્વે ફાટકથી હાપા માર્કેટિંગ યાર્ડ થઇ રાધિકા સ્કુલ તરફ જવાના ૪૫ મીટર ટી. પી. રોડ સુધી જતા રસ્તામાં રેલ્વે ઓવર બ્રીજના મધ્યરેખાથી દક્ષિણ દિશા તરફના સર્વિસ રસ્તામાં તથા હાપા માર્કેટિંગ યાર્ડ વાળા મુખ્ય રસ્તા થઇ રાધિકા સ્કુલ તરફ જવાના ૪૫ મીટર ટી. પી. રોડ પર આવેલ મેરીયા કોલોની સુધી જતા રસ્તામાં મધ્યરેખાથી પૂર્વ દિશા તરફનો રસ્તો બંધ રહેશે. જેની વૈકલ્પિક વ્યવસ્થા માટે હાપા માર્કેટિંગ યાર્ડના મુખ્ય રસ્તા પાસે રેલ્વે ફાટકથી હાપા માર્કેટિંગ યાર્ડ થઇ રાધિકા સ્કુલ તરફ જવાના ૪૫ મીટર ટી. પી. રોડ સુધી જતા રસ્તામાં રેલ્વે ઓવર બ્રીજના મધ્યરેખાથી ઉતર દિશા તરફના સર્વિસ રસ્તા તથા હાપા માર્કેટિંગ યાર્ડ વાળા મુખ્ય રસ્તા થઇ રાધિકા સ્કુલ તરફ જવાના ૪૫ મીટર ટી. પી. રોડ પર આવેલ મેરીયા કોલોની સુધી જતા રસ્તામાં મધ્યરેખાથી પશ્ચિમ દિશા તરફનો રસ્તો પરિવહન માટે ખુલ્લો રહેશે.

# જામનગરમાં ભારતીય સિંધુ સભા દ્વારા સંસ્કાર સા સજીયલ પરવરીશ કાર્યક્રમ યોજાયો


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના મહિલા સંગઠન દ્વારા સમગ્ર આયોજનમાં મહિલાઓ સિંધી સમાજની નાની બાળાઓ દ્વારા ખુબજ સુંદર અને સારો એવો નાટક અને પ્રોગ્રામનું આયોજન કરેલ હતું જેમાં ૯૦ થી વધુ કલાકારોએ ભાગ લીધેલ જેમાં સાંઈ શ્રી ઝૂલેલાલ જી, ભગત કંવરરામ સાહેબ તથા વીર શહીદ હેમુ કાલાણી ને લગત તમામ નાટ્ય સંગ્રહોની રચના તેમજ નાની બાળાઓએ નૃત્ય દ્વારા માતાજીની આરાધના જેવા સાંસ્કૃતિક અને ધાર્મિક રચનાઓ દ્વારા સિંધી સમાજના બહોળી સંખ્યામાં બેસેલા હોદેદારો તથા અન્ય લોકો ને મંત્ર મુગ્ધ કર્યા કાર્યક્રમ સાથે સમૂહ ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી જેમાં ૨૦૦૦ થી વધુ લોકોએ સમૂહ ભોજનનો લાભ લીધો હતો.

આ પ્રસંગે ભારતીય સિંધુ સભાના મહિલા સંગઠનના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ નલીનીબેન પોપટાણી ખાસ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપેલ. આ ઉપરાંત ગુજરાત પ્રાંત અધ્યક્ષ ડો. દિલીપભાઈ પબરેજા અને મહિલા પ્રાંત અધ્યક્ષ અનિતાબેન ચાંગરાણી, જામનગરના નગરસેવિકા બબીતાબેન લાલવાણી, લીલાબેન ભદ્રા તેમજ શિક્ષણ સમિતિ(JMC)ના ચેરમેન પરસોતમભાઈ કકનાણી હાજર રહ્યા હતા.

જામનગર યુવા સંગઠન જગદિશભાઈ દુલાણી(અધ્યક્ષ), મુકેશભાઈ રાજપાલ (ઉપાધ્યક્ષ), સુશીલ ખેતવાણી(ખજાનચી), સાગર આહુજા (સેક્રેટરી), વિવેક નેભાણી(જો. સેક્રેટરી),તથા કારોબારી કાન્તિલાલ આશવાણી, કમલેશ ધીંગાણી, પ્રકાશભાઈ ગોકલાણી, લાલચંદ ધનવાણી, રાજન જસવાણી, લાકેશ રોહેરાની પણ હજારી રહી હતી.

કિશોરભાઈ સંતાણી ( જનરલ સેક્રેટરી જામનગર સિંધી સમાજ) નો પણ વિશેષ સહકાર મળેલ.

આ આયોજનમાં ભારતીય સિંધુ સભા જામનગરના મહિલા સંગઠનના નિકિતાબેન કેવલરામાણી (અધ્યક્ષ), દ્રોપદીબેન સંતાણી (ઉપાધ્યક્ષ)માયાબેન ધીંગાણી (ખજાનચી), વિમલાબેન વધવા(સેક્રેટરી), તથા કારોબારી કલ્પનાબેન ટહીલરામાણી, રેશમાબેન કુકરેજા, જ્યોતિબેન ટહીલરામાણીની ભૂમિકા રહી હતી

ભારતીય સિંધુ સભા- જામનગરના હોદેદારો ધનરાજ મંગવાણી(પ્રાંત માર્ગદર્શક), ઘનશ્યામદાસ ગંગવાણી (અધ્યક્ષ મુખ્ય સંગઠન),મોતીભાઈ માખેચા (સેક્રેટરી) ના માર્ગદર્શક હેઠળ તમામ કાર્યક્રમો યોજવામાં આવેલ હતો.

પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન

**વિદ્યુતીકૃત રેલવે ટ્રેકની આસપાસ પતંગ ચગાવવાના સંદર્ભમાં**

**સાર્વજનિક સૂચના**

આથી સામાન્ય જનતાને જાણ કરવામાં આવે છે કે વિરમગામ-સુરેન્દ્રનગર-રાજકોટ-જામનગર-ઓખા, રાજકોટ-પોરબંદર, સુરેન્દ્રનગર-ધ્રાંગધ્રા, રાજકોટ-ભક્તિનગર અને વાંકાનેર-મોરબી-માળીયા-મિયાણા રૂટ્સ પર રેલવે ટ્રેકની ઉપર ૨૫,૦૦૦-વોલ્ટની ઓવરહેડ પાવર લાઈનો નાંખવામાં આવી છે. એવું જોવામાં આવ્યું છે કે પતંગના દોરાઓ આ ૨૫,૦૦૦-વોલ્ટના વાયરોમાં ફસાઈ જાય છે. લોકો વારંવાર ફસાયેલા દોરાઓ કાઢવા માટે વાંસની લાકડીઓ અથવા ધાતુના હુક્વાળી વાંસની લાકડીઓનો ઉપયોગ કરે છે. આનાથી વીજ કરંટ લાગવાનું ગંભીર જોખમ રહેલું છે અને તે જીવલેણ બની શકે છે.

તેથી, તમામ નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે રેલવે ટ્રેક પાસે પતંગ ન ઉડાડવા અથવા રેલવેના હાઈ-વોલ્ટેજ ટ્રેક્શન વાયરોમાંથી પતંગ કાઢવાનો પ્રયત્ન ન કરવો, કારણ કે હાઈ-વોલ્ટેજ ટ્રેક્શન વાયરોમાંથી પતંગ કાઢવું જીવલેણ સાબિત થઈ શકે છે. મહેરબાની કરીને સામાજિક જવાબદારી તરીકે આ માહિતી અન્ય લોકો સાથે પણ શેર કરો.

RJT-180

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)


સૌરાષ્ટ્ર આસપાસ

## ગ્રીન શિપિંગ માટે ભારત સરકાર પ્રતિબધ્ધ

ભારત સરકારે સસ્ટેનેબલ મેરીટાઈમ ટ્રેડ માટે જે મહત્ત્વાકાંક્ષી ગ્રીન મેરીટાઈમ સ્ટ્રેટેજી રજૂ કરી છે, તે માત્ર નીતિ દસ્તાવેજ નથી પરંતુ દેશના ભવિષ્યની દિશા દર્શાવતું દ્રષ્ટિપત્ર છે. પોર્ટ્સ, શીપીંગ અને ઈનલેન્ડ વોટરવેઝ જેવા ક્ષેત્રો લાંબા સમયથી વિકાસના કેન્દ્રમાં રહ્યા છે, પરંતુ હવે તેમાં પર્યાવરણ સંરક્ષણ અને કાર્બન ઘટાડાનો સ્પષ્ટ વિચાર જોડાયો છે. ૨૦૪૭ સુધીમાં કાર્બન ન્યૂટ્રાલિટી હાંસલ કરવાનો રાષ્ટ્રીય હેતુ ધરાવતા ભારત માટે આ સ્ટ્રેટેજી અત્યંત મહત્વપૂર્ણ સાબિત થવાની છે.

મેરીટાઈમ ઈન્ડિયા વિઝન ૨૦૩૦ અને મેરીટાઈમ અમૃત કાલ વિઝન ૨૦૪૭ના ભાગરૂપે તૈયાર કરાયેલી આ ગ્રીન સ્ટ્રેટેજી હેઠળ અંદાજે રૂ. ૮૦ લાખ કરોડનું મોટું રોકાણ સૂચવવામાં આવ્યું છે. આ રોકાણ માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધી સીમિત નથી, પરંતુ ટેક્નોલોજી, રોજગાર, વૈશ્વિક વેપાર અને ઊર્જા સુરક્ષાને પણ મજબૂત બનાવવાનું કામ કરશે. વૈશ્વિક વેપારમાં ભારતનો દરિયાઈ માર્ગે થતો હિસ્સો સતત વધી રહ્યો છે અને આવનારા વર્ષોમાં તેમાં વધુ વધારો થવાની શક્યતા છે. આ વૃદ્ધિ પર્યાવરણને નુકસાન પહોંચાડ્યા વગર થાય, એ જ આ નીતિનો મુખ્ય ઉદ્દેશ છે.મેરીટાઈમ ઈન્ડિયા વિઝન ૨૦૩૦માં ભારતને વિશ્વના અગ્રણી મેરીટાઈમ દેશોમાં સ્થાન અપાવવા માટે ૩૦૦થી વધુ પગલાઓ નક્કી કરાયા છે. તેમાં પોર્ટ્સની આધુનિકીકરણ, લોજિસ્ટિક્સ સુધારણા, શીપીંગ ખર્ચમાં ઘટાડો અને ડિજિટલ ટેક્નોલોજીનો વ્યાપક ઉપયોગ સામેલ છે. પરંતુ આ સાથે સૌથી મહત્વનો મુદ્દો છે ગ્રીન ટ્રાન્ઝિશન. ગ્રીન હાઈડ્રોજન, ગ્રીન એમોનિયા, બાયોફ્યુઅલ્સ અને લિક્વિફાઈડ નેચરલ ગેસ જેવા વૈકલ્પિક ઈંધણો પર ભાર મૂકીને શીપીંગ સેક્ટરને ધીમે ધીમે ફોસિલ ફ્યુઅલ પરથી દૂર લઈ જવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.અમૃત કાલ વિઝન ૨૦૪૭ આ વિચારને વધુ આગળ લઈ જાય છે. તેમાં ઝીરો એમિશન પોર્ટ્સ અને શીપીંગ જહાજોનું સ્પષ્ટ લક્ષ્યાંક નક્કી કરાયું છે. પોર્ટ્સ, કોસ્ટલ શીપીંગ, ઈનલેન્ડ વોટરવેઝ અને શીપબિલ્ડિંગ માટે રૂ. ૩ થી ૩.૫ લાખ કરોડની ચોક્કસ ફાળવણી કરવામાં આવી છે. આ રોકાણથી દેશના બંદરો વધુ કાર્યક્ષમ બનશે, કાર્ગો હેન્ડલિંગ ઝડપી થશે અને ભારતનું વૈશ્વિક લોજિસ્ટિક્સ રેન્કિંગ સુધરશે.છેલ્લા દાયકામાં મેરીટાઈમ ક્ષેત્રે થયેલા પરિવર્તનના આંકડા પોતે જ ઘણું કહી જાય છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં મુખ્ય બંદરો દ્વારા કાર્ગો હેન્ડલિંગ વિક્રમી ૮૫.૫ કરોડ ટન સુધી પહોંચ્યું છે, જ્યારે દસ વર્ષ પહેલા આ આંકડો ૫૮.૧ કરોડ ટન હતો. બંદરોની ક્ષમતા લગભગ ૮૭ ટકા વધી છે અને એક જહાજનો ટર્નએરાઉન્ડ સમય અડધો ઘટીને ૪૮ કલાક જેટલો થયો છે. આ સુધારાઓ ભારતને વૈશ્વિક વેપારમાં વધુ સ્પર્ધાત્મક બનાવે છે.ગ્રીન ટ્રાન્ઝિશનનો સૌથી મોટો આધારસ્તંભ નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશન છે. આ મિશન હેઠળ ૨૦૩૦ સુધીમાં દર વર્ષે ૫૦ લાખ ટન ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદનનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. સરકારના અંદાજ મુજબ આ પગલું રૂ. ૮ લાખ કરોડનું રોકાણ આકર્ષી શકે છે અને લગભગ ૬ લાખ નોકરીઓનું સર્જન કરશે. સૌથી મહત્વની વાત એ છે કે ફોસિલ ફ્યુઅલની આયાતમાં લગભગ રૂ. ૧ લાખ કરોડનો ઘટાડો થવાની શક્યતા છે, જે દેશની ઊર્જા સુરક્ષા માટે મોટું પગલું છે.આ દિશામાં ગુજરાતના દિનદયાળ પોર્ટ, ઓડિશાના પારાદીપ અને તમિલનાડુના તુતીકોરિન સ્થિત વી.ઓ. ચિદંબરનાર પોર્ટને વ્યૂહાત્મક ગ્રીન હાઈડ્રોજન કેન્દ્રો તરીકે વિકસાવવામાં આવી રહ્યા છે. અહીં બંકરિંગ અને રિફ્યુલિંગ માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવામાં આવ્યું છે.

# વિદાય લેતા રવિની રંગીનીયત અને મૂડને પ્રસ્તુત કરતી તસવીર...



ક્લિક કોર્નર
જયદીપ એ. દવે.

સામાન્ય રીતે ઉગ્ર ભાસતો રવી શિયાળાની શિત લહેરથી થોડો ઠંડો પડી શરારતી મૂડમાં આવી વિદાય લઈ રહ્યો છે. જેને વિવિધ અને રચનાત્મક રીતે કેમેરામાં કંડારાતા એક અદભૂત દ્રશ્ય રચના સર્જાય છે. ત્યારે જૂના રતન પરના એક તળાવ પર અસ્ત થતો સૂર્ય પર્ણ વગરની ડાળી સાથે ફ્રેમમાં આવતા તે જાણે ગણિતના અંક જેવો લાગે છે તો વળી દરિયા કિનારે, લોકોને હંમેશા શીશામાં ઉતારવા આતુર વ્યક્તિ સૂર્યને પણ શીશામાં ઉતારવાની ચેષ્ટા કરતા રમૂજી છતાં રચનાત્મક દ્રશ્ય સર્જાયું હતું.

# શિયાળો આવ્યો, સ્વાસ્થ્ય સુધારો ...

કરંટ ટોપિક

સર્વ સામાન્ય માન્યતા એવી છે કે મહિલાઓ મોટા ભાગે પોતાના આરોગ્યની બાબતમાં તદ્દન બેદરકાર હોય છે. એ ઘણે અંશે એ સાચું છે. ફાવે તેવું ખાવાની કુટેવ અને પતિ, બાળકો તેમ જ ઘરનાં કામકાજમાં જોતરાયા પછી એ પોતાની સામે તો કદી જોતી જ નથી. કદાચ આના લીધે જ આપણા દેશમાં કાં તો સ્ત્રીઓ ચરબીના થરથી લથબથ હોય છે અને નહીંતર લોહીની ઊણપથી પીડાતી પાંડુરોગનો ભોગ બનેલી હોય છે.

ઘણી મહિલાઓ તો નહાવાધોવામાં, ખાવા-પીવામાં અને ટાપટીપમાં ટીવી જોવામાં એટલો બધો સમય વેડફી નાખે છે કે વાત ન પૂછો. બહુ બહુ તો પાડોશણ જોડે બેસીને ગપ્પાં મારી લીધાં કે કે બજારમાં ફરી આવ્યાં એટલે વાત પૂરી. કેટલીક મહિલાઓ વળી સવારમાં ઊઠે જ મોડી, એટલે બ્રશ કર્યું ન કર્યું ને સસવારનો ચા-નાસ્તો, બાળકોને તૈયાર કરી સ્કૂલે મોકલવા, રસોઈ, પતિને જમાડી ઓફિસે રવાના કરવા, નહાવું ધોવું, જમવું, ઘરની સાફસફાઈ વગેરેમાં જ સમય પસાર થઈ જાય છે. એમાંય જો નોકરી કરતી મહિલા હોય તો તો પોતાની ઓફિસે અને સાંજે ફરી ઘરનાં કામ કરીને રાત પડતાં તો થાકીને લોથપોથ થઈ જાય છે. પછી ઊંઘવા સિવાય બીજું કંઈ દેખાતું જ નથી.તક ગુમાવો નહી શિયાળાની ગુલાબી ઠંડી શરૂ થઈ ગઈ છે. કહેવાય છે કે તંદુરસ્તી સુધારવા માટે શિયાળો સૌથી સારી ઋતુ છે. આ તક ગુમાવવા જેવી નથી. બસ, આજથી જ લાગી પડો તંદુરસ્તી સુધારવામાં. જરૂર હોય તો માત્ર દ્રઢ સંકલ્પ કરવાની અને આરોગ્ય પ્રત્યે સાવધાની રાખવાની જ છે. આરોગ્ય સુધારવા બીજાં બધા કામ વચ્ચે પણ સમય કાઢવો જ રહ્યો.બીજી ઋતુઓની સરખામણીમાં શિયાળામાં ખોરાક કંઈક વધારે લેવાય છે. તળેલી વાનગીઓ પણ આરામથી પચી જતી હોય છે એટલે વારેવારે એ ખાવાનું મન થતું હોય છે. આના પરિણામે દુબળા-પાતળા લોકોને તો શિયાળો વરદાનરૂપ સાબિત થાય છે, પણ ભારે શરીરવાળા લોકોને તો વજન ઓર વધવાનું કારણ બની જાય છે. તેથી જ, શિયાળામાં શું ખાવું અને શું ન ખાવું તે તમારા કદ અને બંધારણ મુજબ તેમ જ બને તો ડોક્ટરની સલાહ લઈને જ નક્કી કરો. આરોગ્ય માટે ખોરાક જરૂરી છે, પણ શરીર ભારે હોય તો તળેલી કે ગળી ચીજવસ્તુઓ ઓછી ખાવ. રાબેતા મુજબનું જ ભોજન કરો, પરંતુ જો શરીર નબળું હોય કે લોહીની ઊણપ હોય તો શિયાળામાં ફળ, શાકભાજી, સૂકા મેવા, મીઠાઈ અને ઘી-તેલવાળી વાનગીઓ પણ ખાઈ શકાય છે.દિવસમાં બે વાર ઠાંસી ઠાંસીને ખાવા કરતાં થોડો થોડા સમયના અંતરે માફક આવે એટલો સમતોલ આહાર લો. મોટાભાગની સ્ત્રીઓ સમતોલ આહારનું નામ સાંભળીને જ ભડકે છે. એમને મન સમતોલ આહાર એટલે જાતજાતની પરેજી અને દવાવાળો ખોરાક, પણ એવું નથી. સમતોલ આહારનો અર્થ ખોરાકમાં દાળ, ભાત, શાક, કઠોળ, દૂધ, દહીં, સલાડ, ફળો, માંસ વગેરેનો સમાવેશ કરવો એવો થાય છે. ટૂંકમાં શરીર માટે જરૂરી વિટામિન, પ્રોટીન, શર્કરા, ક્ષારો અને ચરબી સમતોલ પ્રમાણમાં મળી રહે એ જોવું જોઈએ. અસમતોલ ખોરાકથી કાં તો ચરબી વધી જાય છે અથવા નબળાઈ આવી જાય છે.

ખાવા-પીવાની સાથોસાથ તંદુરસ્તી માટે કસરત પણ બહુ જરૂરી છે. મોટા ભાગની મહિલાઓ એવું જ માનતી હોય છે કે કસરત તો ચરબી ઊતારવા માટે જ કરવી પડે. પાતળા શરીરવાળાને કસરત કરવાની કોઈ જરૂર નથી, પણ આ માન્યતા ભ્રામક છે. કસરતનો સંબંધ ફક્ત ચરબી ઘટાડવા કે સ્થૂળતા સાથે નથી, પણ કસરતથી શરીરમાં ચુસ્તી-સ્ફુર્તિ આવે છે અને નવી ઊર્જા મળે છે. તમે પાતળાં હો કે જાડાં, તંદુરસ્તી માટે કસરત ખૂબ જરૂરી છે.

ઉનાળામાં કે ચોમાસામાં જરાસરખી કસરત કરવાથી પણ પરસેવે રેબઝેબ થઈ જવાય છે અને થાકી જવાય છે, પરંતુ શિયાળામાં લાંબા સમય સુધી સતત કામ પણ કરી શકાય છે. આ બધા વચ્ચે પણ કસરત માટે થોડો સમય ચોક્કસ કાઢવો જોઈએ. જો શિયાળામાં નિયમિત કસરત કરીને તંદુરસ્તી કેળવી લીધી હશે તો ઉનાળામાં કે ચોમાસામાં થોડી અમથી કસરત કરીને કે માત્ર ચાલવા જઈને જ એ તંદુરસ્તી જાળવી શકીશું.

એવું જરૂરી નથી કે કસરત સવારે જ કરવી. સવારે સમય ન મળતો હોય તો સાંજે કરો. બસ, એટલું જ ધ્યાન રાખવાનું કે કસરત નિયમિત થાય અને પરસેવો વળે ત્યાં સુધી કસરત થાય તો જ શરીરમાં સ્ફૂર્તિ આવશે.

# દરિયાઈ પ્રદૂષણ સામે ભારતની સ્વદેશી શક્તિ : 'સમુદ્ર પ્રતાપ'

દરિયામાં થતા પ્રદૂષણના પ્રકાર અને તેની ગંભીર અસર નિવારવા માટે ભારત સરકાર સઘન પ્રયાસો કરી રહી છે. તેના ભાગરૂપે એકાદ આધુનિક એવા જહાજની ભારત સરકારે દેશમાં રચના કરી છે જેના ઉપયોગથી સમુદ્રની દરિયાઈ સપાટી પરનું પ્રદુષણ નિવારી શકાય છે પછી તે પ્લાસ્ટિકનું હોય કે ઓઈલનું હોય તમામ પ્રકારના પ્રદૂષણ આ જહાજ ખૂબ ઝડપથી આધુનિક પદ્ધતિથી દૂર કરે છે.

**ભારત પાસે હજારો કિલોમીટર લાંબી દરિયાકાંઠાની રેખા છે. આ દરિયો માત્ર વેપાર અને રોજગારનું સાધન નથી, પરંતુ પર્યાવરણ, જીવવૈવિધ્ય અને રાષ્ટ્રીય સુરક્ષાનો આધાર પણ છે. પરંતુ વધતા ઔદ્યોગિક વિકાસ, જહાજ વ્યવહાર અને માનવીય બેદરકારીને કારણે દરિયાઈ પ્રદૂષણ ગંભીર પડકાર બની રહ્યું છે. આવા સમયે ભારતે સ્વદેશી રીતે વિકસાવેલું વિશેષ પ્રદૂષણ નિયંત્રણ જહાજ 'સમુદ્ર પ્રતાપ' દરિયાને બચાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.**

દરિયાઈ પ્રદૂષણ અનેક પ્રકારનું હોય છે અને દરેક પ્રકાર દરિયાઈ પર્યાવરણ માટે ગંભીર નુકસાન કરે છે. સૌથી મોટું અને જોખમી પ્રદૂષણ તેલ પ્રદૂષણ છે. મોટા તેલ ટેન્કર, કાર્ગો જહાજો કે ઓફશોર ડ્રિલિંગ દરમિયાન જો તેલ લીક થાય તો દરિયાની સપાટી પર તેલની જાડી પડ ચડી જાય છે. આ પડ સૂર્યપ્રકાશને પાણીમાં પ્રવેશવા દેતી નથી, જેના કારણે પ્લેન્કટન અને માછલીઓના જીવનચક્રને નુકસાન થાય છે. તેલમાં ફસાયેલા પક્ષીઓ ઉડી શકતા નથી અને ઘણીવાર મૃત્યુ પામે છે.

બીજું મહત્વનું પ્રદૂષણ રસાયણિક કચરાનું છે. ઉદ્યોગોમાંથી નીકળતા ઝેરી રસાયણો, ભારે ધાતુઓ અને ગંદું પાણી નદીઓ મારફતે દરિયામાં પહોંચે છે. આ ઝેરી તત્વો દરિયાઈ જીવજંતુઓના શરીરમાં સંગ્રહ થાય છે અને અંતે માનવ ખોરાકની સાંકળમાં પ્રવેશે છે, જે માનવ આરોગ્ય માટે પણ ખતરનાક છે.

પ્લાસ્ટિક પ્રદૂષણ પણ આજે વૈશ્વિક સમસ્યા બની ગયું છે. દરિયામાં ફેંકાયેલા પ્લાસ્ટિક બેગ, બોટલ, જાળ અને માઈક્રોપ્લાસ્ટિક માછલીઓ અને કાચબાઓ દ્વારા ગળી લેવામાં આવે છે. આથી તેમનું મૃત્યુ થાય છે અથવા તેમની પ્રજનન ક્ષમતા ઘટે છે. ઉપરાંત ગટર અને ઘન કચરાના કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં દુર્ગંધ, રોગચાળો અને પ્રવાસન પર નકારાત્મક અસર પડે છે.

આ તમામ પ્રદૂષણથી દરિયાની પ્રાકૃતિક સમતુલા બગડે છે, માછીમારી પર આધારિત લોકોની રોજગારી જોખમમાં આવે છે અને પર્યાવરણને લાંબા ગાળે ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન થાય છે.આ

સ્વદેશી જહાજ 'સમુદ્ર પ્રતાપ' : ટેકનીકલ વિગતો સરળ ભાષામાં સમજવી જરૂરી છે

દરિયાઈ પ્રદૂષણ સામે લડવા માટે ભારત સરકારે સંપૂર્ણ સ્વદેશી ટેકનોલોજીથી વિકસાવેલું વિશેષ જહાજ 'સમુદ્ર પ્રતાપ' તૈયાર કર્યું છે. આ જહાજ મુખ્યત્વે તેલ પ્રદૂષણ અને અન્ય પ્રવાહી કચરાને ઝડપથી દૂર કરવા માટે બનાવવામાં આવ્યું છે.

'સમુદ્ર પ્રતાપ'ની સૌથી મોટી ખાસિયત એ છે કે તે દરિયાની સપાટી પરથી તેલ અને ગંદકી શોષી શકે છે. જહાજમાં ખાસ પ્રકારની ઓઈલ સ્કિમિંગ સિસ્ટમ લગાવવામાં આવી છે, જે પાણી પર તરતા તેલને અલગ કરીને સંગ્રહ કરે છે. આ પ્રક્રિયા દરમિયાન સ્વચ્છ પાણી ફરી દરિયામાં છોડવામાં આવે છે, જેથી પ્રદૂષણ ફેલાતું અટકે છે.

જહાજમાં મોટી ક્ષમતાના સ્ટોરેજ ટેન્ક્સ છે, જેમાં એકત્ર કરેલું તેલ અથવા પ્રદૂષિત પ્રવાહી સુરક્ષિત રીતે રાખી શકાય છે. આ ટેન્ક્સ લીકપ્રૂફ હોવાથી ફરી પ્રદૂષણ થવાની શક્યતા ઓછી રહે છે. સાથે સાથે જહાજમાં આધુનિક પમ્પ અને ફિલ્ટર સિસ્ટમ લગાવવામાં આવી છે, જે સતત કામગીરી કરી શકે છે.

નેવિગેશન માટે 'સમુદ્ર પ્રતાપ'માં આધુનિક રડાર, જીપીએસ અને કમ્યુનિકેશન સિસ્ટમ છે, જેના કારણે તે

આસપાસ ચોપાસ
સુરેશ ભટ્ટ

ખરાબ હવામાનમાં પણ ચોક્કસ સ્થાન પર ઝડપથી પહોંચી શકે છે. જહાજનું ડિઝાઈન એવું છે કે તે દરિયાકાંઠાના ઓછી ઊંડાઈવાળા વિસ્તારોમાં પણ સરળતાથી કાર્ય કરી શકે.સુરક્ષા દ્રષ્ટિએ પણ આ જહાજ મજબૂત છે. તેમાં ફાયર ફાઈટિંગ સિસ્ટમ, ઈમરજન્સી એલાર્મ અને ક્રૂ માટે સલામત કાર્ય પરિસ્થિતિ ઉપલબ્ધ છે. સંપૂર્ણ સ્વદેશી નિર્માણ હોવાને કારણે તેની જાળવણી સરળ અને ખર્ચ અસરકારક બને છે.

સમુદ્ર પ્રતાપ'નું મહત્વ અને ભારત માટે તેનો લાભ હવે ઝડપ ભેજ મળવાનો છે અને આના કારણે આપણો સમુદ્ર સ્વચ્છ બનશે. પ્રદૂષણ દૂર થશે.

'સમુદ્ર પ્રતાપ' માત્ર એક જહાજ નથી, પરંતુ ભારતની પર્યાવરણીય પ્રતિબદ્ધતાનું પ્રતીક છે. તેલ લીકેજ જેવી આફતો સમયે આ જહાજ તાત્કાલિક કામગીરી કરીને નુકસાનને મોટા પ્રમાણમાં અટકાવી શકે છે. આથી દરિયાઈ જીવવૈવિધ્ય સુરક્ષિત રહે છે અને માછીમારી તથા પ્રવાસન જેવા ક્ષેત્રોને બચાવી શકાય છે.

સમુદ્ર પ્રતાપ જહાજની ટેકનીકલ વિગતો

સમુદ્ર પ્રતાપ એ ભારતમાં જ બનેલું એક વિશેષ જહાજ છે જેનો મુખ્ય હેતુ દરિયાઈ પ્રદૂષણ, ખાસ કરીને તેલના રિસાવથી થતા પ્રદૂષણને સાફ કરવાનો છે. આ જહાજ ભારતીય નૌસેનાના જહાજ ઉત્પાદક, ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનીયર્સ લિમિટેડ દ્વારા બનાવવામાં આવ્યું છે. તેને ખાસ કરીને ભારતના તટીય વિસ્તારો અને બંદરોને પ્રદૂષણ મુક્ત રાખવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે.

આ જહાજની લંબાઈ લગભગ ૭૦ મીટર છે અને તે ૧,૩૦૦ ટનથી વધુ વજન ઉપાડી શકે છે. તેની રચના એવી છે કે તે સમુદ્રમાં તરતા તેલ, કચરો અને અન્ય પ્રદૂષકોને અસરકારક રીતે એકઠા કરી શકે. જહાજના આગળના ભાગમાં એક વિશાળ 'સ્કિમર' સિસ્ટમ લગાડેલી છે. આ સ્કિમર એક મકાનિયત ભાગની જેમ કામ કરે છે જે પાણીની સપાટી પરથી તેલને સ્કૂપ કરીને અંદર એકઠું કરે છે, પરંતુ પાણીને પાછું સમુદ્રમાં જવા દે છે. એકઠું કરેલ તેલ અને કચરો જહાજની અંદર મોટા ટાંકામાં સંગ્રહિત થાય છે.

જહાજમાં એક શક્તિશાળી પંપ સિસ્ટમ પણ છે જે પ્રદૂષિત પાણીને ખેંચી શકે છે. અંદર, 'ઓઈલ-વોટર સેપરેટર' નામની પ્રક્રિયા દ્વારા તેલ અને પાણીને અલગ કરવામાં આવે છે. સાફ થયેલ પાણીને પાછું સમુદ્રમાં છોડવામાં આવે છે અને તેલને સુરક્ષિત રીતે સંગ્રહિત કરીને તટ પર લાવવામાં આવે છે, જ્યાં તેનો યોગ્ય વિનિમય અથવા નિકાલ કરવામાં આવે છે. આ જહાજમાં આગ નાશની સુવિધા અને પ્રદૂષણ રોકવાના અન્ય સાધનો પણ લગાડેલા છે.

સમુદ્ર પ્રતાપ પોતાની શક્તિ માટે ડીઝલ ઈંજિન પર આધારિત છે અને તેની ઝડપ લગભગ ૧૨ નોટ (લગભગ ૨૨ કિમી પ્રતિ કલાક) છે. તેમાં આધુનિક નેવિગેશન સિસ્ટમ, રડાર અને સંચાર સાધનો છે જેથી તે કોઈપણ હવામાનમાં અને રાત્રી સમયે પણ કામ કરી શકે. જહાજ પર કામ કરવા માટે લગભગ ૩૦ કર્મચારીઓની ટીમ રહે છે. આ ટીમમાં નાવિકો, ઈજનેરો અને પ્રદૂષણ નિયંત્રણના તજજ્ઞોનો સમાવેશ થાય છે.

આમ, સમુદ્ર પ્રતાપ જહાજ એ એક તરતું સ્વચ્છતા કેન્દ્ર છે જે ભારતીય દરિયાઈ સીમાને સ્વચ્છ રાખવા માટે સતત મથતું રહે છે. તેની ડિઝાઈન અને તકનીક સરળ પણ અત્યંત અસરકારક છે, જે તેને દરિયાઈ પર્યાવરણ સંરક્ષણનું એક મહત્વપૂર્ણ હથિયાર બનાવે છે.




સ્વદેશી ટેકનોલોજીથી બનેલું હોવાને કારણે ભારતને વિદેશી સાધનો પર આધાર રાખવો પડતો નથી. આ 'મેક ઈન ઈન્ડિયા' પહેલને પણ મજબૂતી આપે છે અને સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન આપે છે. સાથે સાથે આવા જહાજો ભારતીય બંદરો અને દરિયાકાંઠાને આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ સુરક્ષિત અને પર્યાવરણમૈત્રી બનાવે છે.

આ રીતે 'સમુદ્ર પ્રતાપ' દરિયાઈ પ્રદૂષણ સામે ભારતનું શક્તિશાળી હથિયાર બની રહ્યું છે. તે ભવિષ્યની પેઢી માટે સ્વચ્છ, સુરક્ષિત અને જીવંત દરિયો જાળવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

# કંગના રનૌત ફિલ્મોમાં પરત ફરી : ભારત ભાગ્ય વિધાતાનું શૂટિંગ શરૂ કર્યું



મુંબઇ,

બોલિવૂડ અભિનેત્રી અને સાંસદ કંગના રનૌત ફિલ્મોમાં ભવ્ય વાપસી માટે તૈયાર છે. લાંબા સમયથી રાજકીય જવાબદારીઓ અને ફિલ્મોનું સંતુલન બનાવતી કંગનાએ તેની આગામી ફિલ્મ 'ભારત ભાગ્ય વિધાતા'નું શૂટિંગ શરૂ કરી દીધું છે. તાજેતરમાં, તેણીએ સોશિયલ મીડિયા દ્વારા આ વાતની પુષ્ટિ કરી અને ફિલ્મના સેટ પરથી કેટલીક ઝલક શેર કરી, જે સ્પષ્ટપણે તેના ચાહકોને ઉત્સાહિત કરી રહી હતી.

કંગનાએ તેની પ્રોડક્શન કંપની દ્વારા તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર શેર કરાયેલ એક વીડિયો ફરીથી પોસ્ટ કર્યો. વીડિયોમાં, તે ફિલ્મના સેટ પર આવી રહી છે અને દિગ્દર્શક મનોજ ટાપરિયા સાથે ગંભીર ચર્ચામાં વ્યસ્ત જોવા મળે છે. હાથમાં સ્ક્રિપ્ટ, તેના ચહેરા પર ધ્યાન, અને તેના કામ પ્રત્યેનો એ જ જુસ્સો - આ બધું સ્પષ્ટપણે દર્શાવે છે કે કંગના ફરી એકવાર ફિલ્મ ઉદ્યોગમાં સંપૂર્ણપણે તૈયાર અને સક્રિય છે. વીડિયો સાથે, તેણીએ લખ્યું કે શૂટિંગ સેટ પર પાછા આવીને સારું લાગે છે.હાલમાં "ભારત ભાગ્ય વિધાતા" ફિલ્મ વિશે વધુ માહિતી જાહેર કરવામાં આવી નથી, પરંતુ જ્યારે ૨૦૨૪ માં આ પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવી ત્યારે એવું કહેવામાં આવ્યું હતું કે આ ફિલ્મ સામાન્ય લોકોની અસાધારણ વાર્તાઓ પર આધારિત હશે. કંગના મુખ્ય ભૂમિકા ભજવે છે, અને આ ફિલ્મનો હેતુ રોજિંદા જીવનમાં પરિવર્તનનું ઉદાહરણ આપતા પાત્રોને પ્રકાશિત કરવાનો છે.કંગનાની પાછલી ફિલ્મ "ઈમર્જન્સી" ની ખૂબ ચર્ચા થઈ હતી. આ રાજકીય નાટકમાં, તેણીએ ભૂતપૂર્વ વડા પ્રધાન ઈન્દિરા ગાંધીની ભૂમિકા ભજવી હતી અને ફિલ્મનું દિગ્દર્શન પણ પોતે કર્યું હતું. શક્તિશાળી વિષય હોવા છતાં, ફિલ્મ બોક્સ ઓફિસ પર સારો દેખાવ કરવામાં નિષ્ફળ ગઈ. આમ છતાં, કંગના તેની સ્પષ્ટવક્તા શૈલી અને જોખમ લેવાના વલણ માટે જાણીતી છે.આ દરમિયાન, કંગનાની કારકિર્દી અંગે વધુ એક મોટા સમાચાર સામે આવ્યા છે. તે ટૂંક સમયમાં હોલીવુડમાં ડેબ્યૂ કરશે. તે આંતરરાષ્ટ્રીય સ્તરે નિર્મિત હોરર ડ્રામા ફિલ્મ "બ્લેસ્ડ બી ધ એવિલ" માં મુખ્ય ભૂમિકા ભજવશે. તે હોલીવુડ અભિનેતા ટાયલર પોસી અને સ્કારલેટ રોઝ સ્ટેલોન સાથે પણ અભિનય કરશે.

# T20 વર્લ્ડકપની મેચ ભારત બહાર યોજવાની બાંગ્લાદેશની માગ ICC એ ફગાવી




મુંબઇ,

IPLમાંથી બાંગ્લાદેશી ખેલાડી મુસ્તફિઝુર રહેમાનને કેકેઆર ટીમમાંથી બહાર કરવામાં આવ્યા બાદથી વિવાદ સર્જાયો છે. આ વિવાદને પગલે બાંગ્લાદેશે આગામી ટી-૨૦ વર્લ્ડકપમાં ભારતમાં રમવાનો ઈનકાર કરતાં તેની મેચ પાકિસ્તાનની જેમ ભારતની બહાર યોજવાની માગણીઓ કરી હતી. જોકે આઈસીસીએ તેની આ માગણીઓ ફગાવી દેતા બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (મ્ઝમ) ને મોટો ઝટકો લાગ્યો છે. સૂત્રોના જણાવ્યાનુસાર બાંગ્લાદેશે ભારતમાં જ મેચ રમવી પડશે અથવા પોઈન્ટ્સ ગુમાવવા માટે તૈયાર રહેવું પડશે.

સૂત્રોએ જણાવ્યું હતું કે આઈસીસીએ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી) ને જણાવ્યું હતું કે સુરક્ષાના કારણોસર ભારતમાંથી બહાર મેચ રમવાનો આગ્રહ નકારવામાં આવી રહ્યો છે. બાંગ્લાદેશે ્ ૨૦ વર્લ્ડકપ રમવા માટે ભારત આવવું પડશે નહીંતર તેણે પોઈન્ટ ગુમાવવા પડશે.

બીજી બાજુ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે કહ્યું છે કે હજુ સુધી આઈસીસી દ્વારા અમારી માગણીઓ ફગાવાઈ હોય તેવી અમને કોઈ જાણકારી મળી નથી. ખરેખર તો આઈપીએલ ટીમ કેકેઆર દ્વારા બીસીસીઆઈના દબાણને પગલે બાંગ્લાદેશી ખેલાડી મુસ્તફિઝુર રહેમાનને ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યા બાદથી વિવાદ ચગ્યો છે. કેમ કે ભારતમાં લોકો બાંગ્લાદેશીઓનો વિરોધ કરવા લાગ્યા છે જેનું કારણ છે બાંગ્લાદેશની તાજેતરની હિંસામાં માર્યા ગયેલા હિન્દુઓ. ઉલ્લેખનીય છે કે મુસ્તફિઝુર રહેમાનને કેકેઆર દ્વારા આઈપીએલની હરાજીમાં ૯.૨૦ કરોડમાં ખરીદવામાં આવ્યો હતો.

# ટી ૨૦ વર્લ્ડ કપ પહેલા રિકી પોન્ટિંગ સૂર્યકુમાર યાદવના ખરાબ ફોર્મથી આશ્ચર્યચકિત

સિડની,

ઓસ્ટ્રેલિયન ભૂતપૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગ સૂર્યકુમાર યાદવના ખરાબ ફોર્મથી આશ્ચર્યચકિત છે. ટી ૨૦ વર્લ્ડ કપ આવતા મહિને છે, અને ભારતીય ટીમ સૂર્યકુમારની કેપ્ટનશીપ હેઠળ રમશે. પોન્ટિંગે અગાઉ સૂર્યકુમાર યાદવને સલાહ આપી છે. પોન્ટિંગ કહે છે કે સૂર્યકુમારે રન બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ અને પોતાની વિકેટ ગુમાવવાનું ટાળવું જોઈએ.

સૂર્યકુમાર યાદવ છેલ્લા કેટલાક સમયથી ખરાબ ફોર્મમાંથી પસાર થઈ રહ્યો છે. ૨૦૨૫ માં, સૂર્યકુમાર ૨૧ મેચોમાં ૧૨૩.૧૬ ના સ્ટ્રાઈક રેટથી ફક્ત ૨૧૮ રન બનાવી શક્યો. સૂર્યકુમારનો ફોર્મનો અભાવ ગત ટી ૨૦ વર્લ્ડ કપ ચેમ્પિયન ભારત માટે ચિંતાનો વિષય છે. પોન્ટિંગે કહ્યું કે તે સૂર્યકુમારને રન બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવાની અને આઉટ થવાની ચિંતા ન કરવાની સલાહ આપશે.સૂર્યકુમારના ફોર્મ વિશે વાત કરતા, પોન્ટિંગે આઈસીસી રિવ્યુને કહ્યું, "સૂર્યકુમારનું તાજેતરનું ફોર્મ મારા માટે પણ એક મોટું આશ્ચર્ય છે. તે લાંબા સમયથી ટી ૨૦ ક્રિકેટમાં ભારત માટે એક મજબૂત અને સતત યોગદાન આપનાર રહ્યો છે, પરંતુ તાજેતરમાં તે તેની લય શોધી શક્યો નથી." તે એક રસપ્રદ ખેલાડી છે કારણ કે જ્યારે મેં તેને તેના શ્રેષ્ઠ દેખાવમાં જોયો છે, ત્યારે તેને તેની લયમાં આવવા માટે છ, આઠ કે દસ બોલ લાગે છે, અને પછી તે સંપૂર્ણ બળથી બોલ ફેંકી દે છે. તે પોતાના બધા શોટ રમે છે અને પોતાના પર વિશ્વાસ રાખે છે, ટ્રેવિસ હેડ જેવો, જ્યાં એવું લાગે છે કે તે ક્યારેય આઉટ થવાથી ડરતો નથી.

પોન્ટિંગે કહ્યું, "હું તેને કહીશ કે રન બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે, આઉટ થવાની ચિંતા ન કરે.

# કાર્તિક આર્યન અને ગ્રીક અભિનેત્રીના અફેરની ચર્ચા પર લાગ્યું પૂર્ણવિરામ



મુંબઇ,

બૉલીવુડ સ્ટાર કાર્તિક આર્યન ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો એલિજિબલ બેચલર ગણાય છે. 'પ્યાર કા પંચનામા' ફેમ એક્ટર ફરી એકવાર પોતાની અંગત જિંદગીને લઈને ચર્ચામાં છે. કાર્તિકે ગોવામાં વેકેશનની ફોટો સોશિયલ મીડિયા પર શેર કરી.

આ દરમ્યાન ગ્રીસની હિરોઈન કરીના કુબુલિયુતે પણ આવી જ ફોટો સોશિયલ મીડિયા પર શેર કરી છે. ફોટોમાં ઘણી બધી સામ્યતા છે, તેથી ચર્ચા શરુ થઈ કે કાર્તિક અને કરીના રિલેશનમાં છે. હવે આ મુદ્દે કરીનાએ સ્પષ્ટતા કરી છે.સોશિયલ મીડિયા પર ચાલતી ચર્ચા પર કરીનાએ કહ્યું, ''હું એની ગર્લફ્રેન્ડ નથી, ચૂપ રહો.'' આ સાથે આ ચર્ચા પર પૂર્ણવિરામ મુકાઈ ગયું કે બંને રિલેશનમાં છે. આ પહેલા કાર્તિકનું નામ સારા અલી ખાન, જાહ્નવી કપૂર, નુસરત ભરૂચા અને અનન્યા પાંડે સાથે જોડાયું હતું, પરંતુ કાર્તિકનું સોશિયલ મીડિયા સ્ટેટ્સ સિંગલ જ છે.વર્ક ફ્રન્ટની વાત કરીએ તો કાર્તિકની છેલ્લી ફિલ્મ 'તું મેરી મેં તેરા મેં તેરા તું મેરી ' ફ્લોપ થઈ ગઈ છે. ફિલ્મ રોમેન્ટિક કોમેડી છે, પરંતુ લોકોને ન તો ફિલ્મની વાર્તા પસંદ આવી અને ન તો કોમેડી.ફિલ્મ બોક્સ ઓફિસ પર એવો જાદુ ન ચલાવી શકી જેની અપેક્ષા હતી.કાર્તિકની પાછલી ઘણી હિટ ફિલ્મો બાદ તેની આ ફ્લોપ ફિલ્મ ટૂંક સમયમાં જ ઓટિટિ પર આવશે. ફિલ્મમાં કાર્તિક સિવાય નીના ગુપ્તા,જેકી શ્રોફ અને ટીકુ તલસાણીયા મહત્વના રોલમાં છે.

# દીપિકાને મળ્યા પછી ચાહકની માતા ભાવુક થઈ ગઈ, ચાહકે શેર કર્યો સુંદર વીડિયો

મુંબઇ,

દીપિકા પાદુકોણે તાજેતરમાં તેનો ૪૦મો જન્મદિવસ ઉજવ્યો. તેના અભિનય ઉપરાંત, અભિનેત્રી તેના સરળ સ્વભાવ માટે પણ જાણીતી છે. તે તેના ચાહકોને પ્રેમથી શુભેચ્છાઓ પણ પાઠવે છે. હવે, તેના એક ચાહકે એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં, દીપિકા એક ચાહકની માતાને મળે છે, જે તેને ખૂબ જ ભાવુક બનાવે છે. જોકે આ વિડીયો ગયા ડિસેમ્બરનો છે, પરંતુ ચાહકે તેને શેર કર્યો, જેમાં દીપિકાને જન્મદિવસની શુભેચ્છા પાઠવી અને તેની દયા વિશે વાત કરી.ઝાડમયુર નામના યુઝરે ઈન્સ્ટાગ્રામ પર એક વિડીયો શેર કર્યો. ૧૮ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજના આ વિડીયોમાં, દીપિકા ચાહકની માતાને મળે છે. જ્યારે દીપિકા તેનો હાથ પકડીને તેને પોતાની બાજુમાં બેસાડે છે, ત્યારે માતા ભાવુક થઈ જાય છે. આ સાથે, આ ચાહક, મયુર સરિતા દિલીપ ઝાએ પણ એક ભાવનાત્મક નોંધ લખી. તેમાં, તેણે લખ્યું, "બ્રહ્માંડ, મારા તારાઓ, કે મારા સારા કાર્યો, તમે જે કહો છો તે. દીપિકા પાદુકોણે ફરી એકવાર મને ખૂબ જ ખાસ મુલાકાત માટે આમંત્રણ આપ્યું. આ ચોથી વખત હતું, છતાં આપણે જેટલા વધુ મળીએ છીએ, તેટલા ઓછા મળીએ છીએ.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| હિ | ભ | બ | બ | પ્રા | ગ | ડો | મ | ન | સા | બા | ઈ |
| ભો | ર | લ | રા | ડો | ક | પ્રા | હિ | સા | ર | દ | હા |
| હિ | લા | સ | બ | આ | મ | મા | મા | મા | ભ | બા | કુ |
| દ | સ | પ્ર | ર | ર | અઃ | ણિ | દ | મ | બ | કી | લ |
| શિ | અ | ચા | સા | આ | ક્રો | ક | રો | કી | લા | વા | સા |
| ઊ | ક | ફ | આ | દ | ર | ર | ર | ચા | ગી | મ | કા |
| કા | ર | ઉ | ભા | ભો | દા | બિ | મ | ગી | ર | હિ | દ |
| જ | મા | પ્ર | વા | વા | રો | ણા | બિ | હા | ગં | ક | ભા |
| લ | ર | ડો | ન | ભા | શ | લા | બા | સ | લ | તી | સા |
| સ | ઈ | પ્ર | હિ | ક્રો | સા | લી | ખ | પ્ર | ગ | ઈ | બા |
| કા | બિ | ગ | મા | ઉ | ભો | ક્રો | મ | ળ | ળો | તી | બ |
| મા | ક્ષ | લ | મ | દ | ક | દ | ચા | ભા | ચી | રા | ક |

શબ્દ શોધો: પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા

# ફેસ્ટિવલ ઓફ એડવર્ટાઇઝિંગ ૨૦૨૬એ સર્જનાત્મક શ્રેષ્ઠતાના નવા ધોરણ સ્થાપ્યા

## AACAના ૩૫ વર્ષોની ઉજવણી રેકોર્ડ ભાગીદારી, ભાવનાત્મક ક્ષણો અને રાષ્ટ્રીય ઓળખ સાથે









અમદાવાદ,

અમદાવાદ એડવર્ટાઈઝિંગ વેલફેર સર્કલ એસોસિએશન (એએસીએ) દ્વારા આયોજિત ભવ્ય ફેસ્ટિવલ ઓફ એડવર્ટાઈઝિંગ ૨૦૨૬ અંતર્ગત એએસીએ મીડિયા એવોર્ડ્સ ૨૦૨૬ – ગ્રાન્ડ એવોર્ડ શોનું અમદાવાદમાં સફળ આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગ એએસીએના ૩૫ વર્ષના ગૌરવસભર પ્રવાસની ઐતિહાસિક ઉજવણી તરીકે ઉજવાયો.



આ ફેસ્ટિવલે સમગ્ર એડવર્ટાઈઝિંગ ઇન્ડસ્ટ્રીમાં જોરદાર મોમેન્ટમ સર્જ્યું. અગ્રણી એડવર્ટાઈઝિંગ એજન્સીઓ, મીડિયા ઓનર્સ, મીડિયા પ્રોફેશનલ્સ અને એડવર્ટાઈઝર્સ એક મંચ પર એકત્રિત થયા અને ગુજરાતની એડવર્ટાઈઝિંગ ફ્રેટરનિટીએ ક્રિએટિવિટી, કોલોબ્રેશન અને વેલ્યુ-ડ્રિવન ગ્રોથના સાડા ત્રણ દાયકાના યોગદાનની ભવ્ય ઉજવણી કરી. ગ્રાન્ડ રેડ કાર્પેટ વેલકમ, એંગેજિંગ એન્ટરટેઇનમેન્ટ અને જીવંત સંવાદોએ સમગ્ર વાતાવરણને ઉત્સવમય બનાવી દીધું.

આ પ્રતિષ્ઠિત એવોર્ડ સમારોહમાં પ્રિન્ટ, ટેલિવિઝન–સિનેમા, રેડિયો, આઉટડોર અને ડિજિટલ એડવર્ટાઈઝિંગ કેટેગરીઝમાં શ્રેષ્ઠ કાર્ય બદલ કુલ ૩૯ એવોર્ડ્સ એનાયત કરવામાં આવ્યા. નોમિનેશન અનાઉન્સમેન્ટ્સ અને એવોર્ડ પ્રેઝન્ટેશન દરમિયાન ઉત્સાહ પીક પર હતો અને અનેક ઈમોશનલ તથા મેમોરેબલ મોમેન્ટ્સ જોવા મળ્યા, જેનાથી એડવર્ટાઈઝિંગ એજન્સીઓની ક્રિએટિવ જર્નીને ગૌરવપૂર્ણ ઓળખ મળી.આ વર્ષે પ્રથમ વખત સેન્ટ્રલ ગુજરાત, સાઉથ ગુજરાત અને સૌરાષ્ટ્ર–કચ્છની એડવર્ટાઈઝિંગ એજન્સીઓને એએસીએ દ્વારા વિશેષ પ્લેટફોર્મ આપવામાં આવ્યું અને ઇન્ડસ્ટ્રીના વિકાસમાં તેમના યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા.

મનિષ ગાંધી, પ્રેસિડેન્ટ – એએસીએ.એ જણાવ્યું: ''એએસીએ મીડિયા એવોર્ડ્સ ૨૦૨૬ માત્ર એક એવોર્ડ નાઈટ નહોતો, પરંતુ એડવર્ટાઈઝિંગ ઇન્ડસ્ટ્રીની એનર્જી, એકતા અને ક્રિએટિવ શક્તિનું સાચું પ્રતિબિંબ હતું. મીડિયા ફ્રેટરનિટી તરફથી મળેલો ઓવરવ્હેલ્મિંગ સપોર્ટ આ ફેસ્ટિવલને ખરેખર ઈમ્પેક્ટફુલ બનાવવામાં સહાયક બન્યો.''

તમામ માસ મીડિયા પ્લેટફોર્મ્સ પર મળેલા વ્યાપક કવરેજના કારણે ફેસ્ટિવલ ઓફ એડવર્ટાઈઝિંગ ૨૦૨૬ને મજબૂત નેશનલ રેકગ્નિશન મળ્યું અને એએસીએ દેશના ક્રિએટિવ મેપ પર પોતાની વિશિષ્ટ ઓળખ સ્થાપિત કરી.

આ અવસરે એએસીએ દ્વારા આવનારા સમયમાં કોફી ટેબલ બુક, ક્રિએટિવ સ્પાર્ક, બ્લડ ડોનેશન ડ્રાઈવ, લેજેન્ડ ટોક-શો અને એએસીએ ક્રિકેટ કાર્નિવલ જેવી પહેલોની જાહેરાત પણ કરવામાં આવી, જે ક્રિએટિવિટી, સોશિયલ રિસ્પોન્સિબિલિટી અને ઇન્ડસ્ટ્રી કોલોબ્રેશન પ્રત્યેની એએસીએની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવશે.



# ઓખા ખાતે દરિયાઈ સુરક્ષા સુનિશ્ચિત કરવા જનજાગૃતિ સેમિનાર યોજવામાં આવ્યો



દ્વારકા : ગુજરાત રાજયના વિશાળ દરિયાકાંઠા તેમજ આસપાસના જમીની વિસ્તારોની સુરક્ષા મજબૂત કરવા હેતુ રાજય સરકાર દ્વારા રચાયેલ મરીન ટાસ્ક ફોર્સ દ્વારા દેવભૂમિ દ્વારકાના છેવાડાના અતિસંવેદનશીલ ગણાતા ઓખા વિસ્તારમાં દરિયાકાંઠાના વિસ્તારના ગ્રામીણ તથા શહેરીજનોને વિશેષ જાગૃતિ માટે સેમિનાર યોજવામાં આવ્યો હતો.

દરિયાઈ માર્ગે થતી દેશવિરોધી પ્રવૃત્તિઓ અને આતંકવાદી જોખમો સામે લડવા માટે સ્થાનીક નાગરિકોને સહભાગી બનાવવાના ઉદ્દેશ્ય સાથે આ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ઓખા ખાતે મરીન ટાસ્ક ફોર્સના લીડર કે.પી.પારેખની આગેવાની યોજાયેલ જનજાગૃતિ સેમિનારમાં સ્થાનીય અધિકારીગણ, ગ્રામીણ વિસ્તારના સરપંચો, ઉપરસરપંચો, તલાટી કમ મંત્રીઓ તથા સ્થાનીય ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા. દરિયાકાંઠાના વિસ્તારમાં રહેતા લોકોમાં જાગૃતિ હેઠળ ચાલતા સમગ્ર અભિયાન એ.ટી.એસ.ના અધિક પોલીસ મહાનિદેશક અમિતકુમાર વિશ્વકર્મા, મરીન ટાસ્ક ફોર્સના પોલીસ મહાનિરીક્ષક પી.એલ. માલ તથા હજીરા પોલીસ અધિક્ષક એસ.જે.પરમારના સીધા માર્ગદર્શનમાં ચલાવવામાં આવી રહયુ છે.

જેમાં આ અગાઉ પણ નાયબ પોલીસ અધિક્ષક કે.પી.પારેક, પી.એસ.આઈ. બી.એચ.ચાવડા અને આર.કે.જાડેજા દ્વારા ડિસેમ્બર માસમાં અલગ અલગ દિવસે ભોગાત, ઓખામઢી તથા સલાયા બંદરમા પણ સ્થાનીય અધિકારીગણ અને ગ્રામજનો સાથે જનજાગૃતિ અંગે બેઠક યોજી દરિયાઈ માર્ગે સંભવિત આતંકવાદી ઘુસણખોરીને અટકાવવા સતર્કતા દાખવવા, શંકાસ્પદ બોટ કે વ્યકિત જણાયે પોલીસને જાણ કરવા, બિનવારસી હાલતમાં શંકાસ્પદ કેફી પદાર્થો કે વિસ્ફોટકોને સ્પર્શ કર્યા વગર જ પોલીસને જાણ કરવી જેવી બાબતો અંગે માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું અને દેશની સુરક્ષામાં મરીન ટાસ્ક ફોર્સના કમાન્ડો હંમેશા એલર્ટ રહેતા હોય આમ છતાં માચ્છીમારો અને કિનારાના રહીશો આંખ અને કાન સમાન ભૂમિકા ભજવી શકે તેવી સમજ આપવામાં આવી હતી. આ સાથે દરિયાઈ સુરક્ષા અને મદદ માટેના જરૂરી હેલ્પલાઈન નંબર્સ ધરાવતા પેમ્ફલેટ્સનું વિતરણ કરવામાં આવેલ અને ગ્રામ પંચાયત કચેરી, સ્થાનીક મહત્વના વિસ્તારો, બસ સ્ટેશન, રીક્ષા સ્ટેન્ડ ઈત્યાદિ જાહેર સ્થળોએ પોસ્ટર્સ લગાવી સતત જાગૃત રહેવા અપીલ કરવામાં આવેલ.

# દ્વારકા ગુગળી બ્રાહ્મણ જ્ઞાતિ સમસ્ત મહિલા મંડળ દ્વારા હોમાત્મક સુંદરકાંડ સંપન્ન

દ્વારકા : શ્રી દ્વારકા ગુગલી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ સમસ્ત મહિલા મંડળ દ્વારા પુરુષોત્તમ ભવન ખાતે હોમાત્મક સુંદરકાંડ ગઈકાલ સાંજે ૫ વાગ્યાથી યોજાયો હતો. સુંદરકાંડનું પઠન દ્વારકાના પ્રખ્યાત રામ ભક્ત વર્ષાબેન અનડકટ હીમાબેન ઠાકર જાગૃતીબેન પૂજારીની અધ્યક્ષતામાં મહિલા મંડળની બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું. શ્રી ગુરુકૃપા જ્યોતિષ કાર્યાલયના શાસ્ત્રી વેદાંતભાઈ ભટ્ટ તથા શાસ્ત્રી હિતાર્થભાઈ ભટ્ટના આચાર્ય સ્થાને પ્રતિનિધિ યજમાન શ્રી વિષ્ણુભાઈ ઠાકર પરિવાર દ્વારા આ કાર્ય સંપન્ન થયું.



# બેટ દ્વારકાધીશ મંદિર પરિસરમાં બેબી ફીડીંગ રૂમની વ્યવસ્થા કરાઈ




દ્વારકા : ભગવાન શ્રીકૃષ્ણની કર્મભૂમિ દેવભૂમિ દ્વારકામાં શ્રીકૃષ્ણના શયનસ્થાન ગણાતા યાત્રાધામ બેટ દ્વારકાધીશ મંદિર પરિસરમાં ધાત્રી માતાઓ અને નાના બાળકો માટે બેટ દેવસ્થાન સમિતિ દ્વારા બેબી ફીડીંગ રૂમની વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. બેટ દ્વારકાધીશ મંદિરે દરરોજ હજારો યાત્રીકો દર્શનાર્થે આવતા હોય ધાત્રી માતાઓને સ્વચ્છ, સલામત અને સુવિધાજનક માહોલ ઉપલબ્ધ બને તે હેતુ બેટ દ્વારકા દેવસ્થાન સમિતિ દ્વારા બેબી ફીડીંગ રૂમની વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી છે. આજરોજ બેટ દેવસ્થાન સમિતિના ટ્રસ્ટીગણની ઉપસ્થિતિમાં મંદિર વ્યવસ્થાપક દ્વારા બેબી ફીડીંગ રૂમનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

# જામનગર સેવાની સુવાસ અમદાવાદ સુધી પહોંચી, ચકલીના માળાનું વિનામૂલ્યે વિતરણ





જામનગર : અમદાવાદની પ્રકૃતિ પરિચય ટીમ દ્વારા ગુજરાતના ૪૧ વન્ય જીવ તસ્વીરકારો દ્વારા લેવામાં આવેલી અદ્ભૂત ૮૦ ઉપરાંત તસવીરોની પ્રદર્શની અને પ્રકૃતિ તથા વન્ય જીવ પર શિક્ષણ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં

જામનગરની પર્યાવરણ અને જીવદયાપ્રેમી સંસ્થા લાખોટા નેચર ક્લબ જામનગર દ્વારા ભારતીય જનતા પાર્ટીના કોર્પોરેટર ડિમ્પલબેન રાવલ ના સહકારથી વિનામૂલ્યે ચકલીના માળાનું વિતરણ કરવા માં આવેલ હતું, અમદાવાદની હઠીસિંહ વિઝ્યુઅલ આર્ટ સેન્ટર ખાતે યોજાયેલ આ માળા વિતરણ કાર્યક્રમમાં અનેક પર્યાવરણપ્રેમીઓ ઉપસ્થિત રહયા હતા,

આ પ્રદર્શનીમાં જામનગરના યુવા વાઈલ્ડલાઈફ ફોટોગ્રાર ભાવિક પારેખના ફોટોગ્રાફ્સ પણ પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

### બરડાઈ બ્રાહ્મણ મોટી જ્ઞાતિના જરૂરિયાતમંદોને મકરશંક્તીના વસ્તુઓનું વિતરણ

જામનગર : જામનગરના જેશંકર પંડ્યા તથા ઝવેરબેન પંડ્યા ચેરી. ટ્રસ્ટના ટ્રસ્ટી નારણજી ભોગાયતાના જણાવ્યા પ્રમાણે બરડાઈ બ્રાહ્મણ મોટી જ્ઞાતિ (સમસ્ત) ના આર્થિક રીતે નબળા જરૂરિયામંદ જ્ઞાતિજનોને પરિવાર દીઠ જીવન જરૂરી વસ્તુઓનું વિતરણ કરવાનું આયોજન છે, જેમાં અન્ય દાતા જીતેન્દ્ર ડી. પંડ્યા (અમદાવાદ) નો પણ સહયોગ મળ્યો છે. આ વિતરણ તા. ૧૪-૧-૨૦૨૬ ના સાંજે ૪ થી ૬-૩૦ દરમિયાન (એકજ દિવસ) નારણજી ભોગાયતા, હરસિદ્ધિ ભુવન, પ્લોટ નં. ૧૧૯, વાલકેશ્વરીનગરી, જામનગરમાંથી કરવામાં આવશે. ટ્રસ્ટનું કાર્ડ કઢાવેલ છે તેમને જ વિતરણ કરાશે. વધુ વિગત માટે મો.નં. ૯૯૦૯૧ ૩૩૩૬૯ ઉપર સંપર્ક કરવો.

# સિક્કા ટી.પી.એસ. દ્વારા ગુજરાત ઈન્ટર ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૧ ૨ ટિમો વચ્ચે મુકાબલો




જામનગર : ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લિમિટેડ કંપની દ્વારા ૧૮ મી ઈન્ટર ટીપીએસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ. જેમાં યજમાન પદ જી.એસ.ઇ.સી.એલ, ટી.પી.એસ સિક્કાને મળેલ છે.

આ ક્રિકેટ ટુર્નામેન્ટ તા. ૩.૧.૨૬ થી શરૂ થઈ તા. ૮-૧ના રોજ સમાપન થશે અને સમગ્ર ગુજરાતની જી.એસ.ઇ.સી.એલ. ની ૧૨ ટિમો જેમાં સિક્કા, વણાકબોરી, પાંધ્રો, સુરેન્દ્રનગર, ગાંધીનગર, ધુવારણ, કડાણા, ઉકાઈ, ઉતરાણ, સરદારસરોવર, ભાવનગર અને વડોદરાની ટિમ આ ટુર્નામેન્ટમાં ભાગ લઈ રહેલ છે. ટુર્નામેન્ટની પૂર્વ સંધ્યાએ સિક્કા ટીપીએસ ના આંગણે સર્વે ટિમોનું આગમન અને સ્વાગત સાથે ટીપીએસ સિક્કાના ચીફ એન્જીનયર અને રેક્રિએશન ક્લબના પ્રમુખ એચ ડી મુંધવા, ડીજીએમ અને ટુર્નામેન્ટના કન્વીનર ડી આઈ સિંધા, સુપ્રી. એન્જી. એસ એચ કહાર એન આર પટેલ, ડી કે વસાવા, ઈન્ચાર્જ એસ ઇ ડી એમ કડછા, બી ડી સનારીયા તથા રિક્રિએશન ક્લબના હોદેદારો ડી એમ ઝાલા, પી એમ જેઠવા, બી આઈ ગઢવી, ડી એચ નકુમ, ડી આર નાગાણી, વી એચ રાજ્યગુરુ, આર એન જાડેજા, વાય બી જાડેજા, જે આર કંચવા તથા અન્ય ઉપસ્થિત આમંત્રિત મહેમાનો અને કર્મચારીગણની હાજરીમાં દરેક ટિમના ટીશર્ટનું અનાવરણ અને ત્યારબાદ ચેમ્પિયન ટ્રોફી અને વિવિધ ઈનામોનું અનાવરણ કરવામાં આવેલ.

ટીપીએસના વડા ચીફ એન્જી. એચ ડી મુંધવા અન્ય ઉચ્ચ અધિકારીગણ રિક્રિએશન ક્લબના હોદેદારો, તથા કર્મચારીગણ અને કોલોની પરિવારજનોની બહોળી હાજરીમાં ૬ દિવસની ઈન્ટર ટીપીએસ ક્રિકેટ ટુર્નામેન્ટ એચ ડી મૂંધવાએ દીપ પ્રાગટય, રીબીન કટિંગ કરી નવી ક્રિકેટ પીચનું અનાવરણ કરેલ અને પ્રાસંગિક ઉદબોધન કરી પ્રથમ બોલ રમી ટુર્નામેન્ટ નું શુભારંભ કરાવેલ. આ ટુર્નામેનેન્ટ લીગ ફોર્મેટમાં રમાનારી છે અને તા. ૮ ના ફાઇનલ મેચ રમાડવામાં આવશે. તેમ એન ડી ત્રિવેદીની યાદીમાં જણાવેલ છે.

# જામનગરમાં ઈન્ડિયન એસો. ઓફ ઓક્યુપેશનલ હેલ્થની ૭૬ મી રાષ્ટ્રીય કોન્ફરન્સનો પ્રારંભ

## પદમ બેન્કવેટમાં આયોજિત ત્રિ-દિવસિય કાર્યક્રમમાં દેશ વિદેશના ખ્યાતનામ તબીબો જોડાશે

જામનગર : ઈન્ડિયન એસોસિએશન ઑફ ઑક્યુપેશનલ હેલ્થની ૭૬મી રાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન એસોસિએશન ઑફ ઑક્યુપેશનલ હેલ્થ, જામનગર શાખા દ્વારા પદમ બેન્ક્વેટ એન્ડ લોન, એરપોર્ટ રોડ, જામનગર, ગુજરાત ખાતે ૭ થી ૧૦ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન કરવામાં આવી રહ્યું છે.

આ કોન્ફરન્સની થીમ "વ્યવસાયિક આરોગ્ય, સુરક્ષા અને સુખાકારીનું પુનઃપરિભાષનઃ વર્તમાન પડકારોનું માર્ગદર્શન અને ભવિષ્યના ઉકેલોનું ઘડતર" છે, જે ઝડપી ઔધોગિકીકરણ, ટેકનોલોજીકલ વિકાસ તથા ઉદ્ભવતા કાર્યસ્થળ જોખમો અને તેમની નિવારણ પ્રક્રિયાઓના સંદર્ભમાં વ્યવસાયિક આરોગ્યના બદલાતા પરિપ્રેક્ષ્યને પ્રતિબિંબિત કરે છે. આ કોંફરન્સ રાષ્ટ્રીય વ્યવસાયિક આરોગ્ય માળખામાં શારીરિક આરોગ્ય, માનસિક આરોગ્ય અને સામાજિક-માનસિક સુખાકારીના મહત્વપૂર્ણ એકીકરણ પર કેન્દ્રિત છે, જેથી મજબૂત અને ઉત્પાદનક્ષમ કર્મચારી દળનું નિર્માણ થઈ શકે.

આ કોંફરન્સ વાર્ષિક ફ્લેગશિપ ઈવેન્ટ છે, અને વ્યવસાયિક આરોગ્ય, સુરક્ષા અને સુખાકારી ક્ષેત્રમાં દેશના સૌથી પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય મંચોમાંથી એક તરીકે ઓળખાય છે. આ કોન્ફરન્સમાં દેશ-વિદેશના ૫૫૦ કરતાં વધુ પ્રતિનિધિઓ ભાગ લેશે.

આ કોંફરન્સમાં પૂર્વ-પરિષદ વર્કશોપ્સ, ૪૪ મહેમાન વક્તાઓના સત્રો અને સિમ્પોઝિયમ, ૫ મુખ્ય પ્રવચન સત્રો તથા પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો દ્વારા ૭ ગૌરવપૂર્ણ ઓરેશનો યોજાશે. ઉપરાંત, વ્યવસાયિક આરોગ્ય નિષ્ણાતો દ્વારા ૧૦૬ વૈજ્ઞાનિક સંશોધન પેપર્સ અને ઇ-પોસ્ટર રજૂ કરવામાં આવશે.

કોન્ફરન્સ દરમિયાન વ્યવસાયિક આરોગ્ય અને સુરક્ષા ક્ષેત્રની નવીનતમ તકનીકો દર્શાવતું ઔધોગિક પ્રદર્શન પણ યોજાશે. આ કોન્ફરન્સ દરમિયાન ૮૦થી વધુ પ્રતિષ્ઠિત નિષ્ણાતો પોતાના વિચારો રજૂ કરશે, જે કામદારોના આરોગ્ય અને સુખાકારીને આર્થિક પ્રગતિ તથા પર્યાવરણીય સંરક્ષણના કેન્દ્રસ્થાને રાખીને નવી દિશાઓ માટે પ્રેરણા આપશે.

આયોજક સમિતિને ગૌરવ છે કે શ્રી પી. એમ. શાહ, નિયામક, ઔધોગિક સલામતી અને આરોગ્ય નિયામક કચેરી, ગુજરાત સરકાર, આ પરિષદના મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. ઉપરાંત, મહેમાન વિશેષ તરીકે ડૉ. નંદિની દેશાઈ, ડીન, શ્રી એમ. પી. શાહ સરકારી મેડિકલ કોલેજ, જામનગર, ગુજરાત કોન્ફરન્સને શોભાવશે તે બદલ અમને વિશેષ ગર્વ છે.

કોન્ફરન્સને ભવ્ય સફળતા અપાવવા માટે કોન્ફરન્સ ડિરેક્ટર ડો. આર. રાજેશ, આયોજક અધ્યક્ષ ડો. કીર્તિ ચુડાસમા તથા આયોજક સચિવ ડો. ભાવેશ એસ. ખોડડિયા ના નેતૃત્વ હેઠળ આયોજન સમિતિ સંપૂર્ણ સમર્પણ અને મહેનત સાથે કાર્ય કરી રહી છે.

# કલ્યાણપુર સરકારી વિનયન કોલેજ ખાતે મહિલાઓ માટે કાયદાકીય જાગૃતિ કાર્યક્રમ યોજાયો




દ્વારકા : મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુરમાં સરકારી વિનયન કોલેજ ખાતે કામકાજના સ્થળે સ્ત્રીઓની જાતિય સતામણી (અટકાવ, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ–૨૦૧૩ અંતર્ગત જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

મહિલાઓને તેમના કાયદાકીય અધિકારો અંગે માહિતગાર કરીને કાર્યસ્થળે સુરક્ષિત, સન્માનજનક અને ભયમુક્ત વાતાવરણનું મહત્વ સમજાવાયું હતું તથા જાતીય સતામણી જેવી ઘટનાઓના કિસ્સામાં શું કાર્યવાહી કરવી તેની સમજ પૂરી પાડવાના હેતુથી આ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન દહેજ પ્રતિબંધક અને સંરક્ષણ અધિકારીશ્રી પી.પી.જાદવે કામકાજના સ્થળે જાતિય સતામણીના વિવિધ સ્વરૂપો, તેની ઓળખ તેમજ મહિલાઓને પડતી સમસ્યાઓના કાયદેસર નિવારણ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે દહેજ પ્રતિબંધ અધિનિયમ અંગે માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત ઘરેલું હિંસાના કિસ્સામાં કેવી સહાય અને ઉપાયો ઉપલબ્ધ છે તેની સંપૂર્ણ માહિતી આપી હતી.


તાલુકા કાનૂની સેવા સત્તા સમિતિ તરફથી પધારેલ શ્રી સાગરભાઈ બેલાએ પોશ(POSH) અધિનિયમ–૨૦૧૩ની કાયદાકીય જોગવાઈઓ વિશે વિગત આપી હતી. આ અધિનિયમ અંતર્ગત દરેક સંસ્થા/કાર્યાલયમાં આંતરિક ફરિયાદ સમિતિની રચના ફરજિયાત છે. કોઈપણ પ્રકારની જાતિય સતામણી સામે મહિલાને લેખિત ફરિયાદ કરવાનો અધિકાર છે અને ફરિયાદની તપાસ નિશ્ચિત સમયમર્યાદામાં ગોપનીય રીતે કરવાની કાયદાકીય ફરજ નક્કી કરવામાં આવી છે, તેમજ ફરિયાદકર્તાને કોઈપણ પ્રકારના ભેદભાવ કે બદલો લેવાથી કાયદો રક્ષણ આપે છે. આ ઉપરાંત આઈ.સી.ડી.એસ.શાખાના ડિસ્ટ્રિક્ટ પુર્ણા કન્સલ્ટન્ટ દ્વારા સ્ત્રીઓ અને કિશોરીઓમાં પોષણ સંબંધિત સમસ્યાઓ, તેના નિવારણ, સંતુલિત આહાર તથા આરોગ્યની મહત્વતા અંગે ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેનના ડિસ્ટ્રિક્ટ કોર્ડીનેટર દિવ્યાબેન બારડ દ્વારા મહિલાઓ માટે અમલમાં રહેલી સરકારશ્રીની વિવિધ યોજનાઓ, કાયદાકીય સહાય અને સશક્તિકરણના ઉપાયો અંગે માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પ્રોજેક્ટ તૃષ્ટિ તથા જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી હસ્તકના પ્રકલ્પોના કર્મચારીઓ, કોલેજના વિદ્યાર્થીઓ અને સ્ટાફે ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### ખંભાળિયા ખાતે સમસ્ત રઘુવંશી યુવક-યુવતી ગેટ ટુ ગેધર કાર્યક્રમ યોજાશે

જામનગર : સમસ્ત રઘુવંશી યુવક-યુવતી પરિચય ગ્રુપ-જામખંભાળિયા દ્વારા સગાઈ-લગ્ન ઈચ્છુક યુવક-યુવતીઓ માટે નિઃશુલ્ક ગેટ ગેધરનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તા. ૧/૩ ના રવિવારે બપોરે ૧૨-૩૦થી સાંજના પાંચ વાગ્યા દરમિયાન નવી લોહાણા મહાજન વાડી, બેઠક રોડ, જામખંભાળિયામાં રાખવામાં આવ્યો છે. ઈ.સ. ૧૯૭૫ થી ૧૯૯૫ દરમિયાન જન્મેલા સમસ્ત રઘુવંશી યુવક-યુવતીઓએ તેમનો બાયોડેટા મોકલવા માટે તા. ૨૦/૧ સુધીમાં હસમુખભાઈ જી. દત્તાણી (મો. ૯૩૭૭૨ ૯૩૭૮૨), એસ.પી. ચેમ્બર, ક્રિષ્ના કોમ્પયુટરની પાસે, ખંભાળિયા તથા પોરબંદરમાં હિતેષભાઈ ઉનડકટ (મો. ૭૩૮૩૬ ૬૮૦૦૬) નો સંપર્ક કરવો.

## હેપ્પી બર્થ-ડે

### જામનગરના સિયારામ રિસાઈકલિંગ લી.ના ચેરમેન રામગોપાલ મહેશ્વરીનો આજે જન્મદિવસ



જામનગરને કર્મભૂમિ બનાવીને ઉદ્યોગ ક્ષેત્રે જામનગરથી દિલ્હી સુધીનો વ્યાપ ધરાવતા અને કેન્દ્ર સરકાર દ્વારા બેસ્ટ એક્સપોર્ટનો એવોર્ડ ઉપરાંત જામનગરનો મેયર એવોર્ડ સહિતના વિવિધ સન્માન મેળવનારા નગરના અગ્રણી ઉદ્યોગપતિ રામગોપાલ મહેશ્વરીનો આજે જન્મદિવસ છે, ત્યારે તેઓએ કરેલા પ્રતિવર્ષ ના ભગવાન દ્વારકાધીશને ધજા ચડાવવા માટે ના કરેલા સંકલ્પના અનુસંધાને આજે ૬૩માં વર્ષમાં મંગલ પ્રવેશ સમયે દ્વારકાધીશજીના મંદિરે નૂતન ધ્વજારોહણનો કાર્યક્રમ અવિરત ચાલુ રાખ્યો છે. જે અંતર્ગત આજે સતત ૧૭માં વર્ષે પણ દ્વારકાધીશજીના મંદિરે નૂતન ધ્વજારોહણનો કાર્યક્રમ યોજાયો હતો. મુળ મધ્યપ્રદેશના અલીરાજપુરમાં જન્મેલા રામગોપાલ મહેશ્વરીએ જામનગરમાં સીયારામ ગ્રુપ ઓફ કંપનીઝ, પ્રકાશ મેટલ્સ કંપનીની સ્થાપના કરી નિકાસ ક્ષેત્રે તેમની સિદ્ધિને લઈને કેન્દ્ર સરકાર દ્વારા પણ એવોર્ડ એનાયત કરાયો હતો. અને હાલ તેઓ સીયારામ રિસાયક્લિંગ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન તરીકે કાર્યરત છે. રામગોપાલભાઈ સામાજીક ધાર્મિક-શૈક્ષણિક ક્ષેત્રમાં અનેકવિધ સંસ્થાઓ સાથે જોડાયેલા છે. તેઓના જન્મદિવસ નિમિત્તે "સૌરાષ્ટ્ર આસપાસ" દૈનિક પરિવાર શુભેચ્છા પાઠવે છે તેમનો મો.નં. ૯૮૨૫૨૨૦૫૦૦ છે.

# ‘આવો, કાયર, મને પકડી બતાવો’, કોલંબિયાના રાષ્ટ્રપતિ ગુસ્તાવો પેટ્રોએ ટ્રમ્પને પડકાર ફેંક્યો

## વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને પકડ્યા પછી પોટસને ચેતવણી આપી

નવી દિલ્હી,

વેનેઝુએલામાં અમેરિકાના ઓપરેશન બાદ કોલંબિયાના રાષ્ટ્રપતિ ગુસ્તાવો પેટ્રોએ યુએસ પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પને પડકાર ફેંક્યો છે. સોમવારે પેટ્રોએ આ ઓપરેશનની ટીકા કરી હતી અને ટ્રમ્પને સંબોધીને કહ્યું હતું કે, "મને પકડવા આવો. હું અહીં તમારી રાહ જોઈ રહ્યો છું."

"જો તેઓ ચઅમેરિકૃ બોમ્બ ફેંકે છે, તો કેમ્પેસિનો પર્વતોમાં હજારો ગેરિલા બની જશે. અને જો તેઓ રાષ્ટ્રપતિને અટકાયતમાં લેશે જેને દેશનો મોટો ભાગ પ્રેમ કરે છે અને આદર આપે છે, તો તેઓ લોકોના ’જગુઆર’ને મુક્ત કરશે," પેટ્રોએ અમેરિકા દ્વારા વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને પકડ્યા પછી પોટસને ચેતવણી આપી હતી.

"મેં ફરીથી હથિયાર નહીં સ્પર્શવાની શપથ લીધી હતી ... પરંતુ માતૃભૂમિ માટે હું ફરીથી હથિયાર ઉપાડીશ," તેમણે ઉમેર્યું.

પેટ્રોની ટિપ્પણી પર પ્રતિક્રિયા આપતા, એક ઠ યુઝરે લખ્યું: "માદુરોએ એ જ ભાષણ આપ્યું!"

"યે માદુરોએ એ જ વાત કહી. તે અશક્ય નથી," બીજાએ કહ્યું.

પેટ્રોનું નિવેદન ત્યારે આવ્યું જ્યારે વ્હાઈટ હાઉસે માદુરોની મજાક ઉડાવતા કહ્યું: "નિકોલસ માદુરો પાસે તક હતી - જ્યાં સુધી તેમણે ન ન કરી."

આ ઓગસ્ટમાં ટ્રમ્પને કરેલા આવા જ પડકારનો સંદર્ભ હતો. યુએસ રાષ્ટ્રપતિને પડકાર ફેંકતા, તેમણે કહ્યું, "આવો અને મને પકડો".

"આવો અને મને પકડો. હું અહીં મીરાફ્લોરેસમાં તેની રાહ જોઈશ. મોડું ન કરો, કાયર," પેટ્રોએ ઓગસ્ટમાં એક ઉત્સાહી ભાષણમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે યુએસ દ્વારા તેમને પકડવા માટે આપવામાં આવતી માહિતી માટે ઓફર કરાયેલા ઈનામમાં વધારો થયો હતો.

વ્હાઈટ હાઉસ દ્વારા શેર કરવામાં આવેલી ક્લિપમાં વેનેઝુએલાના નેતા અને તેમના જીવનસાથી, સિલિયા ફ્લોરેસને પકડવાના હેતુથી કરવામાં આવેલા ઓપરેશનના ફૂટેજ સાથે અમેરિકાની મજાક ઉડાવતા માદુરોનું સંકલન પણ રજૂ કરવામાં આવ્યું હતું.

૬૧-સેકન્ડના ભાગમાં વેનેઝુએલામાં થયેલા હુમલાઓ અંગે ટ્રમ્પની પ્રેસ કોન્ફરન્સના અંશો પણ શામેલ હતા, જ્યાં યુએસ સંરક્ષણ સચિવ પીટ હેગસેથે ટિપ્પણી કરી હતી કે માદુરો પાસે "તેની તક હતી

યુએસ અને કોલંબિયા વચ્ચે તણાવ ત્યારે વધ્યો જ્યારે ટ્રમ્પે રવિવારે પત્રકારોને કહ્યું કે કોલંબિયા એક એવા વ્યક્તિ દ્વારા સંચાલિત છે જે યુનાઈટેડ સ્ટેટ્સમાં ડ્રગ્સની હેરાફેરી કરી રહ્યો છે.

# ઉત્તર પ્રદેશમાં પૈતૃક મિલકતની નોંધણી હવે ફક્ત દસ હજાર રૂપિયામાં થશે

## ઉત્તર પ્રદેશમાં પૈતૃક મિલકતનું વિભાજન અને ભાડા કરાર કરવા સરળ અને સસ્તા બન્યા

લખનૌ,

ઉત્તર પ્રદેશમાં પૈતૃક મિલકતનું વિભાજન અને ભાડા કરાર કરવા સરળ બન્યા છે. ઉત્તર પ્રદેશમાં પૈતૃક મિલકતની નોંધણી હવે ફક્ત દસ હજાર રૂપિયામાં થશે. ૫,૦૦૦ ની સ્ટેમ્પ ડ્યુટી અને ૫,૦૦૦ ની નોંધણી ફી વસૂલવામાં આવશે. CM યોગીએ ભાડા નોંધણી પર પણ નોંધપાત્ર રાહત આપી છે. ભાડા કરાર માટે સ્ટેમ્પ ડ્યુટી અને ફી પર ૯૦ ટકા ડિસ્કાઉન્ટ ઉપલબ્ધ છે. યોગી કેબિનેટની બેઠકમાં જનતાને લગતા અનેક મહત્વપૂર્ણ નિર્ણયો પણ લેવામાં આવ્યા.

માહિતી મુજબ, યોગી કેબિનેટની મંગળવારે બેઠક થઈ. કેબિનેટની બેઠકમાં કુલ ૧૪ દરખાસ્તો રજૂ કરવામાં આવી હતી, જેમાંથી ૧૩ મંજૂરી આપવામાં આવી હતી. પરિવારના રક્ત સંબંધોને મિલકત દાન માટે મોટી રાહત આપવામાં આવી છે. હવે, પરિવારના સભ્યને કોઈપણ પ્રકારની મિલકત દાન કરવા માટે સ્ટેમ્પ ડ્યુટી માત્ર ૫,૦૦૦ રહેશે.

કેબિનેટની બેઠકમાં કુશીનગર અને ઝાંસીમાં નવી સ્ટેમ્પ ઓફિસોના નિર્માણને પણ મંજૂરી આપવામાં આવી હતી. વધુમાં, ગ્લોબલ કેપેસિટી સેન્ટર પોલિસી માટે એસઓપી પસાર કરવામાં આવ્યો હતો. આ નાણાકીય વર્ષમાં ૨૧ ઔદ્યોગિક કંપનીઓ બાંધકામ/કામગીરી શરૂ કરશે. આનાથી ૧૦,૦૦૦ થી વધુ યુવાનોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગાર મળશે.

# એક કેસમાં હાજર ન રહેવા બદલ NGTએ શહેરી વિકાસ મંત્રાલયને એક લાખનો દંડ ફટકાર્યો

નવી દિલ્હી,

નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે એક કેસમાં હાજર ન રહેવા બદલ કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રાલય પર ?૧ લાખનો દંડ ફટકાર્યો છે, અને કહ્યું છે કે રાજ્ય અને તેના સાધનો પર્યાવરણીય ધોરણોનું પાલન સુનિશ્ચિત કરવા માટે બંધારણીય અને વૈધાનિક જવાબદારીઓ હેઠળ છે.

અગાઉ, ગ્રીન બોડીએ, ઉત્તર પ્રદેશના જાલૌન જિલ્લામાં બાંધવામાં આવી રહેલા સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સંબંધિત મામલાની સુનાવણી કરતી વખતે, ઉત્તર પ્રદેશ રાજ્ય, શહેરી વિકાસ મંત્રાલય અને જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા પુનરુત્થાન મંત્રાલયને નોટિસ જારી કરી હતી.

૫ જાન્યુઆરીના રોજ કાર્યવાહી દરમિયાન, દ્દૂ અધ્યક્ષ ન્યાયાધીશ પ્રકાશ શ્રીવાસ્તવ અને નિષ્ણાત સભ્ય એ સેન્થિલ વેલની બેન્ચે નોંધ્યું હતું કે નોટિસ બજાવવા છતાં શહેરી વિકાસ મંત્રાલય તરફથી કોઈ હાજર થયું નથી.

"આ ટ્રિબ્યુનલ સમક્ષની કાર્યવાહીને વિરોધી મુકદ્દમાના ભાગ રૂપે ગણી શકાય નહીં જ્યાં સંબંધિત પ્રતિવાદીઓ ગેરહાજર રહેવાનું પસંદ કરી શકે છે અને એકપક્ષીય કાર્યવાહીનો ભોગ બની શકે છે," ટ્રિબ્યુનલે જણાવ્યું હતું.

તેમાં કહેવામાં આવ્યું છે કે ભારત સંઘ, રાજ્યો અને તેમના સાધનો "પર્યાવરણીય ધોરણોનું પાલન સુનિશ્ચિત કરવા માટે બંધારણીય અને વૈધાનિક જવાબદારીઓ" હેઠળ છે, તેથી તેઓએ ટ્રિબ્યુનલ સમક્ષ યોગ્ય રીતે અધિકૃત પ્રતિનિધિઓ અથવા સલાહકારો દ્વારા તેમનું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવું પડશે.

ટ્રિબ્યુનલે જણાવ્યું હતું કે મંત્રાલયની ગેરહાજરીના પરિણામે બિનજરૂરી મુલતવી રાખવામાં આવી હતી અને કેસમાં સંકળાયેલા પર્યાવરણીય મુદ્દાઓના યોગ્ય નિરાકરણમાં વિલંબ થયો હતો.

"આવી ઈરાદાપૂર્વકની ગેરહાજરીને બિનજરૂરી મુલતવી માટે ઉદાહરણરૂપ ખર્ચ લાદવાના આદેશ દ્વારા જ સુધારી શકાય છે," ટ્રિબ્યુનલે જણાવ્યું હતું.

તેણે મંત્રાલયને તેનો જવાબ દાખલ કરવા અને પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવા માટે વધુ એક તક પૂરી પાડી, જે ?૧ લાખના ખર્ચની ચુકવણીને આધીન છે.

"આ રીતે જમા કરાયેલ ખર્ચની રકમનો ઉપયોગ અરજદારોને કાનૂની સહાય પૂરી પાડવા માટે કરવામાં આવશે જે કોઈપણ વકીલ દ્વારા રજૂ કરવામાં આવ્યા નથી જેથી તેઓ આ ટ્રિબ્યુનલ સમક્ષ તેમના કેસ અસરકારક રીતે રજૂ કરી શકે અને તેમના દ્વારા દાખલ કરાયેલા કેસોની સુનાવણી માટે આ ટ્રિબ્યુનલની મુલાકાત લેનારા અરજદારો માટે સુવિધાઓ ઊભી કરી શકે," ગ્રીન બોડીએ જણાવ્યું હતું.

આ મામલો ૧૦ એપ્રિલના રોજ આગળની કાર્યવાહી માટે મુલતવી રાખવામાં આવ્યો છે.

# નેપાળમાં મસ્જિદમાં તોડફોડ બાદ હિંસા ભારતીય સરહદ સીલ કરવામાં આવી

## ભારતીય સરહદ નજીક આવેલા નેપાળના પારસા અને ધનુષા ધામ જિલ્લામાં હિંસા ફેલાતા એલર્ટ જાહેર કરાયું

કાઠમંડુ,

ભારતના પડોશી દેશ નેપાળમાં ફરી એક વખત હિંસા ભડકી છે. ભારતીય સરહદ નજીક આવેલા નેપાળના પારસા અને ધનુષા ધામ જિલ્લામાં હિંસા ફેલાતા એલર્ટ જાહેર કરાયું છે. આ ઉપરાંત ભારત-નેપાળ સરહદ પણ સીલ કરી દેવામાં આવી છે.

ધનુષા જિલ્લામાં મસ્જિદમાં તોડફોડ બાદ નેપાળમાં સાંપ્રદાયિક હિંસા ફરી શરૂ થઈ છે. જેની તસવીરો પણ વાયરલ થઈ છે. પારસાના બીરજંગમાં હિંસક પ્રદર્શન પર કાબુ મેળવવા માટે પોલીસે ટીયર ગેસના શેલ છોડ્યા હતા. પારસા જિલ્લાની સરહદ બિહારના રક્સોલ જિલ્લાને જોડે છે. દક્ષિણ નેપાળામાં સરહદથી




આવ-જા રોકવા માટે ભારતીય સરહદ સીલ કરી દેવામાં આવી છે. માત્ર ઈમરજન્સી સેવાને જ મંજૂરી આપવામાં આવી છે.

ધનુષા જિલ્લામાં કમલા નગરપાલિકામાં મસ્જિદમાં તોડફોડ અને કુરાન સળગાવવાની ઘટના બાદ લોકો ભડક્યા હતા. જે બાદ મુસ્લિમ સંપ્રદાયે વિરોધ પ્રદર્શન કર્યું, જે હિંસક બન્યું હતું. તંત્ર દ્વારા શાંતિ જાળવી રાખવાની અપીલ કરી છે અને દોષિતો સામે કડક કાર્યવાહીનું આશ્વાસન અપાયું છે.

પથ્થરમારા બાદ પોલીસે ટોળાને વેર વિખેર કરવા માટે ટિયર ગેસના શેલ પણ છોડ્યા હતા. અનેક પોલીસકર્મી પણ ઘાયલ થયાના અહેવાલ છે. સૂત્રો મુજબ, સહદેવા, મહદેવા, પનટોકા, સિવાન ટોલા અને મુશહરવા જેવા અન્ય સરહદીય વિસ્તારોમાં પણ સુરક્ષા વધારાવામાં આવી છે. આ વિસ્તારોમાં દરેક ગતિવિધિ પર નજર રાખવામાં આવી રહી છે.

તંત્ર દ્વારા કર્ફ્યુ દરમિયાન સુરક્ષા દળોને દેખાવકર્તાને ગોળી મારવાનો પણ આદેશ આપ્યો છે. તેમજ લોકોને જરૂરી કામ સિવાય બહાર ન નીકળવાની સલાહ આપવામાં આવી છે. ઉપરાંત આસપાસના વિસ્તામાં હિંસાની સ્થિતિ અંગે ૧૦૦ નંબર પર જાણ કરવા વિનંતી કરાઈ છે.

# દિલ્હી એનસીઆરમાં વધતા વાયુ પ્રદૂષણ મુદે સુપ્રીમ કોર્ટનું કડક વલણ

## કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટને ઠપકો આપી બે અઠવાડિયામાં રિપોર્ટ રજુ કરવા આદેશ કર્યો

નવી દિલ્હી,


સુપ્રીમ કોર્ટે દિલ્હી-એનસીઆરમાં વધતા વાયુ પ્રદૂષણ મુદ્દે કડક વલણ અપનાવ્યું છે. કોર્ટે કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટને ઠપકો આપ્યો છે. કોર્ટે ટિપ્પણી કરી હતી કે ઝછઊસ્ તેની ફરજમાં નિષ્ફળ રહ્યું છે. કોર્ટે ઝછઊસ્ને બે અઠવાડિયામાં નિષ્ણાતોની બેઠક બોલાવવા અને વધતા પ્રદૂષણના મુખ્ય કારણો સહિત રિપોર્ટ રજૂ કરવાનો પણ નિર્દેશ આપ્યો છે.

દિલ્હી એનસીઆરમાં વધતા વાયુ પ્રદૂષણ મુદ્દે સુપ્રીમ કોર્ટમાં સુનાવણીમાં મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની બનેલી બેન્ચે પૂછ્યું કે, શું તમે પ્રદૂષણના કારણો ઓળખી શક્યા છો. તાજેતરના દિવસોમાં પ્રદુષણ મુદ્દે નિષ્ણાતો લેખો લખી રહ્યા છે. લોકોના મંતવ્યો પ્રકાશમાં આવ્યા છે. તેમજ તેઓ અમને ઈમેઈલ મોકલે છે.

આ ઉપરાંત દિલ્હી બોર્ડર પર ટ્રાફિક ઓછો કરવા માટે ટોલ પ્લાઝાને કામચલાઉ બંધ કરવા અથવા અન્ય ખસેડવાના મુદ્દા પર બે મહિનાનો સમય માંગ્યો હતો. જેના લીધે સુપ્રીમ કોર્ટે કેન્દ્રીય પ્રદૂષણ દેખરેખ એજન્સીને ઠપકો આપ્યો. બેન્ચે CAQM ને ધીમે ધીમે લાંબા ગાળાના ઉકેલો રજુ કરવાનો નિર્દેશ આપ્યો. તેમજ ટોલ પ્લાઝા મુદ્દા પર પણ વિચારણા કરવાનો નિર્દેશ આપ્યો હતો.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે પ્રદૂષણના કારણોને જાહેર પ્લેટફોર્મ પર લાવવા મહત્વપૂર્ણ છે જેથી જનતા સમસ્યાના મૂળને સમજી શકે અને પોતાના સૂચનો આપી શકે. કોર્ટે એ પણ ભાર મૂક્યો હતો કે નિષ્ણાતોએ સ્પષ્ટ કરવું જોઈએ કે કયા કારણો મહત્તમ પ્રદૂષણ માટે જવાબદાર છે જેથી તેમના પર પ્રાથમિકતાના ધોરણે કાર્યવાહી કરી શકાય.

# પશ્ચિમ જાપાનમાં ૬.૨ની તીવ્રતાનો ભૂકંપનો આચકો



ટોક્યો,

મંગળવારે પશ્ચિમ જાપાનમાં ૬.૨ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, પરંતુ સુનામીનો કોઈ ભય નહોતો, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. જાપાન હવામાન એજન્સીના જણાવ્યા અનુસાર, ઉત્તારપશ્ચિમ જાપાનના શિમાને પ્રીફેક્ચરમાં ભૂકંપના આંચકા નોંધાયા હતા.

માત્સુ પ્રીફેક્ચરલ રાજધાની અને નજીકના શહેરો, જેમાં પડોશી ટોટ્ટોરી પ્રીફેક્ચરના કેટલાક શહેરો પણ સામેલ છે, તે સૌથી વધુ ધ્રુજારી અનુભવે છે.

એજન્સીએ જણાવ્યું હતું કે ભૂકંપનું કેન્દ્ર જમીનની અંદર લગભગ ૧૦ કિલોમીટર (૬.૨ માઈલ) ઊંડાઈએ હતું, અને ઉમેર્યું હતું કે સુનામીનો કોઈ ભય નથી. ભૂકંપથી કોઈ ઈજા કે નુકસાન થયું નથી.

ન્યુક્લિયર રેગ્યુલેશન ઓથોરિટીએ જણાવ્યું હતું કે શિમામે પરમાણુ વીજ પ્લાન્ટ અને આ પ્રદેશમાં સંબંધિત સુવિધામાં કોઈ અસામાન્યતા જોવા મળી નથી. જાપાન કહેવાતા પેસિફિક રિંગ ઓફ ફાયર પર છે, જે વિશ્વના સૌથી વધુ ભૂકંપ-સંભવિત વિસ્તારોમાંનો એક છે.

# ઉત્તર પ્રદેશમાં SIRની ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર, કુલ ૧૨.૫૫ કરોડ મતદાર

## સુધારેલી ડ્રાફ્ટ યાદીમાં ૨.૮૯ કરોડ નામ દૂર કરાયા ૧.૨૬ કરોડ મતદારોએ કાયમીધોરણે સ્થળાંતર કર્યું

લખનઉ,

ઉત્તર પ્રદેશમાં આજે SIRની ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં રાજ્યમાં કુલ ૧૨.૫૫ કરોડ મતદારો નોંધાયા છે. જ્યારે SIR હેઠળ ૨.૮૯ કરોડ નામ દૂર કરવામાં આવ્યા છે. જ્યારે મતદારી યાદી અંગેના વાંધા-સૂચનો ૬ ફેબ્રુઆરી સુધી સ્વીકારવામાં આવશે. તેમજ અંતિમ મતદાર યાદી ૬ માર્ચના રોજ પ્રસિદ્ધ કરવામાં આવશે.

મતદારી યાદી અંગેના વાંધા-સૂચનો માટે ચૂંટણી પંચે હેલ્પલાઈન નંબર ૧૯૫૦ જાહેર કર્યો છે. જેમાં મતદારો પૂછપરછ કરી શકશે. તેમજ શહેરી વિસ્તારોમાં ચૂંટણી પંચે ખાસ કેમ્પ દ્વારા વાંધા સૂચનો મેળવવાનું આયોજન કર્યું છે.

આ ઉપરાંત જે ૨.૮૯ કરોડ મતદારોના નામ દૂર કરવામાં આવ્યા છે. જેમાંથી ૧.૨૬ કરોડ કાયમી ટ્રાન્સફર થયેલા છે. ૪૬ લાખ મૃત છે. ૨૩.૭૦ લાખ ડુપ્લિકેટ છે, ૮૩.૭૩ લાખ લોકો સરનામા પર મળ્યા ન હોતા.

અને ૯.૫૭ લાખ અન્ય શ્રેણીના મતદારો છે. રાજ્યના ૯૧ ટકા મતદારો વર્ષ ૨૦૦૩ ની મતદાર યાદી સાથે મેચ થયા છે. આનો અર્થ એ થયો કે કાયમી મતદાર યાદીમાં તેમના નામનો સમાવેશ કરવા માટે કોઈ દસ્તાવેજોની જરૂર ન હતી.

ઉલ્લેખનીય છે કે, ચૂંટણી પંચે ૨૭ ઓક્ટોબરે SIR જાહેર કર્યું હતું. ત્યારબાદ ૩૦ નવેમ્બર અને ૧૧ ડિસેમ્બરે સુધારેલ સમયપત્રક જાહેર કર્યું હતું. ચૂંટણી પંચે ત્રીજી વખત પણ SIR માટે સમય મર્યાદા વધારી હતી. ચૂંટણી પંચે ૧ જાન્યુઆરી ૨૦૨૬ ની પાત્રતા તારીખના આધારે SIRની યાદી તૈયાર કરી છે.

# કુંભ મેળા વિસ્તારમાં બિન-હિન્દુઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવો જોઈએ; સાધ્વી પ્રાચી

દહેરાદુન,

હિન્દુ નેતા સાધ્વી પ્રાચી કુંભ મેળા વિસ્તારને બિન-હિન્દુ પ્રતિબંધિત ક્ષેત્ર જાહેર કરવાની માંગમાં જોડાયા છે. હરિદ્વારના પ્રેસ ક્લબ ખાતે એક પત્રકાર પરિષદને સંબોધતા સાધ્વી પ્રાચીએ કહ્યું, "સમગ્ર કુંભ મેળા વિસ્તારમાં બિન-હિંદુઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવો જોઈએ.

લાલ કિલ્લા પર થયેલી આતંકવાદી ઘટનાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે જેમ શિક્ષિત ડોક્ટરોએ જેહાદી માનસિકતાથી પ્રેરિત થઈને લાલ કિલ્લા પર આતંકવાદી હુમલો કર્યો હતો, તેવી જ રીતે કુંભ મેળામાં આતંકવાદી હુમલો કરવાનું કાવતરું ઘડી શકાય છે. તેથી, સરકારે આ બાબતે કડક વલણ અપનાવવું જોઈએ.

# એમટેક ગ્રુપના ભૂતપૂર્વ વડાને બેંક છેતરપિંડી કેસમાં જામીન મળ્યા

## અરવિંદ ધામ પર ૨૭,૦૦૦ કરોડની ઉચાપતનો આરોપ

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે મંગળવારે એમટેક ગ્રુપના ભૂતપૂર્વ ચેરમેન અરવિંદ ધામને ૨૭,૦૦૦ કરોડના બેંક છેતરપિંડી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં જામીન આપ્યા. સુપ્રીમ કોર્ટે ધામની જામીન અરજી નકારવાના દિલ્હી હાઈકોર્ટના આદેશને રદ કર્યો. ન્યાયાધીશ સંજય કુમાર અને આલોક આરાધેની બનેલી બેન્ચે આ ચુકાદો આપ્યો. ન્યાયાધીશ પી.એસ. નરસિંહાના નેતૃત્વ હેઠળની બેન્ચમાં બેઠેલા ન્યાયાધીશ આરાધેએ ચુકાદામાં જણાવ્યું હતું કે કોર્ટે આ કેસમાં ધામની અપીલ સ્વીકારી છે.

ગયા વર્ષે ૧૯ ઓગસ્ટના રોજ, દિલ્હી હાઈકોર્ટે જામીન અરજી ફગાવી દીધી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે અકાળ મુક્તિ જવાબદારી સ્થાપિત કરવાના પ્રયાસોને અવરોધી શકે છે. હાઈકોર્ટે એ પણ નોંધ્યું હતું કે ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ વધતાં, મની લોન્ડરિંગ જેવા આર્થિક ગુનાઓ દેશની નાણાકીય વ્યવસ્થા માટે ગંભીર ખતરો બની ગયા છે, જેના કારણે આવા કેસોમાં તપાસ જટિલ અને લાંબી બની છે. હાઈકોર્ટે વધુમાં જણાવ્યું હતું કે નિર્દોષ વ્યક્તિઓને ખોટી રીતે ફસાવવામાં ન આવે અને સાચા ગુનેગારોને ન્યાય મળે તે માટે કાળજીપૂર્વક અને સંપૂર્ણ તપાસ જરૂરી છે.

અગાઉ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ મની લોન્ડરિંગ વિરોધી કાયદા હેઠળ એમટેક ગ્રુપ કંપનીઓની ૫૫૦ કરોડથી વધુની સંપત્તિઓ કામચલાઉ રીતે જપ્ત કરી હતી. સપ્ટેમ્બર ૨૦૨૪ માં, એજન્સીએ ૫,૧૧૫.૩૧ કરોડની સંપત્તિઓ પણ જપ્ત કરી હતી. તપાસ દરમિયાન, ૧૪૫ એકર જમીન (રાજસ્થાન અને પંજાબમાં), દિલ્હી-એનસીઆરમાં ૩૪૨ કરોડની મિલકતો અને ૧૧૨.૫ કરોડની ફિક્સ્ડ ડિપોઝિટ અને બેંક બેલેન્સ જપ્ત કરવામાં આવ્યા હતા.

# પ્રજાસત્તાક દિવસની પરેડમાં ઘાતક એલઆર-એએસએચએમ મિસાઈલ પ્રદર્શિત કરવામાં આવશે

## ડીઆરડીઓની લોંગ રેન્જ એન્ટી-શીપ મિસાઈલ ૧,૦૦૦ કિલોમીટરથી વધુની રેન્જ ધરાવે છે

નવીદિલ્હી,

ભારતમાં પ્રજાસત્તાક દિવસની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. દરેક વ્યક્તિ ૨૬ જાન્યુઆરીની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. પ્રજાસત્તાક દિવસ નિમિત્તે એક પરેડ પણ યોજાશે, જ્યાં ભારત તેની લશ્કરી શક્તિનું પ્રદર્શન કરશે. આ પરેડમાં ભારતીય સશસ્ત્ર દળોના અત્યાધુનિક શસ્ત્રોનું પણ પ્રદર્શન કરવામાં આવશે. હવે માહિતી સામે આવી છે કે સ્વદેશી લોંગ રેન્જ એન્ટી-શીપ મિસાઈલ પણ ભારતના કાફલામાં હાજર રહેશે. આ મિસાઈલની હાજરી ભારતની સ્વદેશી દરિયાઈ પ્રહાર ક્ષમતાનો નોંધપાત્ર સંકેત છે.

લોંગ રેન્જ એન્ટી-શીપ મિસાઈલ ભારતના સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન દ્વારા વિકસાવવામાં આવી હતી. આ મિસાઈલ એક અત્યાધુનિક સિસ્ટમ છે જે ખાસ કરીને લાંબા અંતરથી ચોક્કસ ચોકસાઈ સાથે દુશ્મન યુદ્ધ જહાજોને નષ્ટ કરવા માટે રચાયેલ છે. લોંગ રેન્જ એન્ટી-શીપ ડીઆરડીઓની લોંગ રેન્જ એન્ટી-શીપ મિસાઈલ ૧,૦૦૦ કિલોમીટરથી વધુની રેન્જ ધરાવે છે. આ મિસાઈલ ભારતીય નૌકાદળને અસરકારક લાંબા અંતરની સ્ટેન્ડ-ઓફ એન્ટી-શીપ સ્ટ્રાઈક ક્ષમતા પ્રદાન કરે છે.

ડીઆરડીઓ ચીફ ડૉ. સમીર વી. કામતે લોંગ રેન્જ એન્ટી-શીપને ભારતની દરિયાઈ યુદ્ધ ક્ષમતાઓ માટે "ગેમ-ચેન્જર" ગણાવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે આ સિસ્ટમ ભારતીય સશસ્ત્ર દળોની લાંબા અંતરની ચોકસાઈ હડતાલ અને ડિટરન્સ ક્ષમતાઓને નવી ગતિ આપે છે, સાથે સાથે આત્મનિર્ભર ભારતના ધ્યેયને પણ મજબૂત બનાવે છે. લોંગ રેન્જ એન્ટી-શીપ ભારતીય નૌકાદળની સમુદ્ર નિયંત્રણ અને સમુદ્ર અસ્વીકાર વ્યૂહરચનાને મજબૂત બનાવે છે અને હિંદ મહાસાગર ક્ષેત્રમાં ભારતની દરિયાઈ શક્તિ, અવરોધ અને વ્યૂહાત્મક લાભને સ્પષ્ટપણે દર્શાવે છે.

# જામનગરનો યુવાન નકલી ડિગ્રી-માર્કશીટનો વેપલો કરતાં મુંબઈ એરપોર્ટ પરથી ઝડપાયો

## એરપોર્ટ પર ઈમિગ્રેશન તપાસ દરમિયાન ભાંડો ફૂટ્યો : મોબાઈલમાંથી અનેક નકલી ડીગ્રી અને માર્કશીટો મળી આવ્યા : આરોપીને અટકાયતમાં લઈ વિશેષ તપાસ હાથ ધરાઈ

જામનગર : જામનગરમાં રણજીત સાગર રોડ પર રહેતો પ્રથમેશ મણિયાર નામનો ૩૯ વર્ષીય શખ્સ ડિગ્રી, પ્રમાણપત્રો, તથા વિદેશના નોકરીના નામે યુવકોની છેતરપિંડી કરવાના ગુન્હામાં મુંબઈ એરપોર્ટ પરથી ઝડપી લીધો છે.

વિદેશમાં અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓને વિવિધ યૂનિવર્સિટીઓના બનાવટી માર્કશીટ સંદર્ભે ૧૦ વર્ષથી રેકેટ ચલાવતા પ્રથમેશ મણિયારના મોબાઈલમાંથી નકલી ડિગ્રી-માર્કશીટો મળ્યા હતા, જે યુવકોને વિદેશમાં નોકરીની લાલચે છેતરતો હતો. આરોપી પ્રથમેશ મણિયાર જામનગરના રણજિત સાગર રોડ પરનો રહેવાસી આરોપી બેંગકોકથી ચાર જાન્યુઆરીના રોજ મધ્યરાત્રીએ ૨.૩૦ વાગ્યાની આસપાસ મુંબઈ એરપોર્ટ પર પહોંચ્યો હતો.

આ સમયે ઈમિગ્રેશન ક્લિયરન્સ દરમિયાન તેણે ચકાસણી માટે પોતાનો પાસપોર્ટ અને બૉર્ડિંગ પાસ રજૂ કર્યો હતો. જો કે, જ્યારે તેની ઓળખ અને વ્યવસાય વિશે પૂછવામાં આવ્યું ત્યારે તે સંતોષકારક જવાબો આપી શક્યો નહતો. તેથી વરિષ્ઠ ઈમિગ્રેશન અધિકારીઓએ તેની સઘન તપાસ શરુ કરી છે. જે એક એજન્ટ તરીકે કામ કરીને શાળાઓ અને કોલેજમાં પ્રવેશ અપાવતો હતો.

વધુ તપાસમાં જાણવા મળ્યું હતું કે તેણે કથિત રીતે અનેક વિદ્યાર્થીઓને કૉલેજો અને યુનિર્સિટીઓની નકલી માર્કશીટ અને ડિગ્રી પ્રમાણપત્રો પૂરા પાડયા હતા. પોલીસે જણાવ્યું હતું કે પ્રથમેશ મણિયાર છેલ્લા ૧૦ વર્ષથી છેતરપિંડીનું કામ ચલાવી રહ્યો હતો. તેણે યુવકોને વિદેશમાં નોકરી આપવાના નામે પણ છેતરપિંડી કરી હતી. તેમજ આરોપી વિવિધ બેંક ખાતાઓ દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી પ્રતિ વિદ્યાર્થી પર ૫૦ હજારથી બે લાખ સુધી રકમ વસૂલતો હતો. અને તે અન્ય એજન્ટોની મદદથી આ રેકેટ ચલાવતો હતો, અને વિદ્યાર્થીઓ તથા યુવક પાસેથી મેળવેલા પૈસાનો એક ભાગ નવી દિલ્હી, રાજસ્થાન, ભોપાલ અને હરિયાણા સ્થિત સહયોગીઓ સાથે શેર કરતો હતો.

વધુમાં તેના મોબાઈલ ફોનની તપાસ દરમિયાન ઈમિગ્રેશન અધિકારીઓને દસ્તાવેજોની અનેક પીડીએફ નકલો પણ જપ્ત કરી હતી. જેમાં ગુજરાત બોર્ડની માર્કશીટ સહિત અનેક ડીગ્રી પુનિવર્સિટીના પ્રમાણપત્રો, ઉત્તર પ્રદેશ બોર્ડની માર્કશીટો, યુનિવર્સિટી માર્કશીટ અને અન્ય ઘણાઈ દસ્તાવેજોનો સમાવેશ થાય છે. બનાવટી આ તમામ ખુલાસા બાદ મુંબઈ પોલીસે પ્રથમેશની ધરપકડ કરી હતી અને તેની સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી.

# ભાણવડ પંથકમાં ગૌ-વંશ વેચનાર પાંચ શખ્સો પાસા હેઠળ જેલ હવાલે



દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ પંથકમાં ગૌ-વંશની કતલ કરી માંસનું વેચાણ કરતાં પાંચ શખ્સોને પોલીસે ઝડપી લઈ તમામને જેલ હવાલે કર્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ ભાણવડ તાલુકાના સઈદેવળીયા ગામના ચાર શખ્સ તેમજ સલાયાનો એક શખ્સ ગૌ-વંશની કતલ કરી માંસ વેચતાં હોય, જેની માહિતી પોલીસને મળતાં તમામ વિરુધ્ધ પાસાની કાર્યવાહી કરવામાં આવી હતી. જે મંજૂર થઈ જતાં પોલીસે અબ્દુલ જુસબ સમા, જુવાન નુરમામદ ઘુઘા, સલીમ ઈસાક સુભણીયા, ફારુક મુસાભાઈ ઘાવડ અને ઓસમાણ જુસબભાઈ ઘુઘાણી દ્વારકા એલસીબીની ટીમે ધરપકડ કરી તમામને જુદી-જુદી જેલોમાં મોકલી આપ્યા છે.

# ધ્રોલના નથુ વડલા ગામે પત્ની રિસાઈને ચાલી જતા યુવાને જીવન ટૂંકાવ્યું



જામનગર : જામનગર જિલ્લાના ધ્રોળ તાલુકાના નથુવડલા ગામમાં રહેતા શ્રમિક યુવાને પોતાની પત્ની રિસાઈને ચાલી ગઈ હોવાથી તેના વિયોગમાં ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધાનો બનાવ પોલીસ ચોપડે ઉઠવા પામ્યો છે.

મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના નથુ વડલા ગામમાં રહેતા ખેડૂત બલવીરસિંહ સજ્જનસિંહ જાડેજા ની વાડીમાં રહીને ખેત મજૂરી કામ કરતા ગૌતમ દિનેશભાઈ વસાનીયા નામના ૨૫ વર્ષના પરપ્રાંતિય શ્રમિક યુવાને પોતાની વાડીની ઓરડીમાં લોખંડના પાઈપ માં ચુંદડી બાંધી ગળાફાંસ દ્વારા આત્મહત્યા કરી લીધી હતી.

આ બનાવ અંગે મૃતકની પત્ની મમતાબેન ગૌતમભાઈ આદિવાસીએ પોલીસને જાણ કરતાં ધ્રોળના પોલીસ હેડ કોન્સ્ટેબલ જે કે દલસાણીયા બનાવ ન સ્થળે દોડી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસમાં જાહેર કરાયા અનુસાર મૃતક યુવાનની પત્ની રિસાઈને તેની બહેનના ઘરે ચાલી ગઈ હોવાથી મૃતક યુવાનને મનમાં લાગી આવતાં પત્નીના યોગમાં આ પગલું ભરી લીધું હોવાનું જાહેર થયું છે.

# ધ્રોલ નજીક ઈકો કાર પલટી ખાઈ જતાં ચાલક યુવાનનું અંતરિયાળ મૃત્યુ



જામનગર : જામનગર જિલ્લામાં અકસ્માતોની હાર માળા યથાવત રહી છે, અને ગઈકાલે ધ્રોલ નજીક વધુ એક અકસ્માત સર્જાયો હતો. જેમાં ધ્રોલમાં રહેતા એક યુવાને પોતાનો જીવ ગુમાવ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ ધ્રોલ ટાઉનમાં ચામુંડા પ્લોટ વિસ્તારમાં રહેતો અને ડ્રાઈવિંગ કામ કરતો બકાભાઇ પુનાભાઈ ટોયેટા નામનો ૩૨ વર્ષનો ભરવાડ યુવાન ગઈકાલે સાંજે પોતાના જી.જે. ૧૦ ડી.એન. ૬૮૯૧નંબરની ઈકો કાર લઈને જામનગર-રાજકોટ ધોરીમાર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો, જે દરમિયાન ધ્રોળ નજીક અકસ્માતે તેની ઈકો કાર પલટી મારીને રોડથી નીચે ઉતરી ગઈ હતી.

જે અકસ્માતમાં બકાભાઇ ટોયટાને શરીરે હેમરેજ સહિતની નાની મોટી ઈજાઓ થઈ હતી, અને તેનું સ્થળ પર જ કરુણ મૃત્યુ નીપજ્યું હતું.

આ અકસ્માતના બનાવ અંગે મૃતકના સંબંધી લીંબાભાઈ કડવાભાઈ ટોયટાએ પોલીસને જાણ કરતાં એએસઆઈ ડી.જે. ગાગીયા બનાવના સ્થળે દોડી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરના ખોડીયાર કોલોની વિસ્તારમાં થાંભલામાં શોર્ટ સર્કિટથી આગ લાગતાં દોડધામ



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં ખોડીયાર કોલોની વિસ્તારમાં ગઈકાલે રાતે ૮ વાગ્યે જાહેર માર્ગ પર આવેલા વીજ થાંભલામાં એકાએક શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગી હતી, અને આગના કારણે તણખા જર્યો હતા, કેબલ વગેરે સળગવાના કારણે ભડકો થતાં સમગ્ર વિસ્તારમાં ભારે અફડાતફડીનો માહોલ સર્જાયો હતો.

જોકે વિજ તંત્રએ તુરત જ ઉપરોક્ત વિસ્તારનો વીજ પુરવઠો બંધ કરી દીધો હતો. કેબલ વગેરે સળગ્યા હોવાથી આ બનાવને લઈને ફાયરબ્રિગેડને જાણ કરાતાં ફાયર શાખાની ટુકડી તાબડતોબ ઘટના સ્થળે દોડી ગઈ હતી, અને ખાસ પ્રકારના પાવડરની મદદથી ફાયરિંગ કરીને આગને કાબુમાં લીધી હતી. આ વેળાએ લોકોના ટોળા એકત્ર થયેલા જોવા મળ્યા હતા.

ત્યારબાદ વિજ તંત્રએ થોડો સમયમાં જ વિજ લાઈન રીપેરીંગની કામગીરી પૂર્ણ કરી લેતાં મોડી રાત્રિના સમયે ઉપરોક્ત વિસ્તારનો વિજ પુરવઠો રાબેતા મુજબ બન્યો હતો.

# દ્વારકામાં મંદિર આસપાસ ટોયલેટ-યુરિનલનો અભાવ, યાત્રિકો ત્રાહિમામ

દ્વારકા : એક તરફ સરકાર દ્વારા ગુજરાતમાં પ્રવાસન અને વિકાસની મોટી-મોટી ગુલબાંગો ફૂંકવામાં આવે છે, પરંતુ જમીની હકીકત કંઈક ઓર જ છે. હિન્દુ ધર્મના પવિત્ર ચાર ધામ અને સપ્તપુરી પૈકીની એક ગણાતી દેવભૂમિ દ્વારકામાં યાત્રિકો માટે મુતરડી જેવી પાયાની સુવિધાનો પણ અભાવ જોવા મળી રહ્યો છે.

દૂર-દૂરથી આવતા હજારો શ્રદ્ધાળુઓ અને યાત્રિકો જ્યારે દ્વારકા નગરીમાં પ્રવેશ કરે છે, ત્યારે તેમને જાહેર શૌચાલય કે મુતરડીના અભાવે ભારે હાલાકી ભોગવવી પડે છે. ખાસ કરીને મહિલાઓ અને વૃદ્ધોની હાલત દયનીય બની જાય છે. "વિકાસ" ના નારા લગાવતી ભાજપ સરકાર અને સ્થાનિક તંત્રની ઉદાસીનતાને કારણે યાત્રાધામની પવિત્રતા અને સ્વચ્છતા સામે પ્રશ્નો ઉભા થયા છે.

આ ગંભીર સમસ્યા વચ્ચે આખરે ભાજપના જ એક સદસ્યની ઊંઘ ઉડી હોય તેમ લાગી રહ્યું છે.



લાંબા સમયના દુર્લક્ષ્ય બાદ, હવે ખુદ શાસક પક્ષના સદસ્યને વાસ્તવિકતા સમજાતા, તેમણે તંત્ર સમક્ષ આ મુદ્દે રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે શહેરમાં તાત્કાલિક ધોરણે મુતરડી અને શૌચાલયની વ્યવસ્થા ઉભી કરવામાં આવે જેથી યાત્રિકોની હેરાનગતિ અટકે. જાગૃત નાગરિકોમાં ચર્ચા છે કે, શું સત્તાધીશો માત્ર ચૂંટણી સમયે જ વિકાસની વાતો કરશે? કે પછી યાત્રિકોની આ પાયાની જરૂરિયાત સંતોષવા માટે કોઈ નક્કર પગલાં લેવાશે? દ્વારકાની ગરિમા જાળવવા માટે તંત્ર તાત્કાલિક જાગે તે અત્યંત જરૂરી છે.

# ધ્રોલ પાસે ફાયનાન્સ કંપનીના માણસોની ઓળખ આપી બળઝબળીથી વાહન લઈ ગયા

## વાહન ચાલકે ૩ શખ્સો સામે નોંધાવી ફરિયાદ

જામનગર : ધ્રોલ પાસે ચા પીવા ઉભેલ એક વાહન ચાલક પાસે ત્રણ શખ્સો આવી પોતે ફાઈનાન્સ કંપનીના માણસો છીએઁ અને તમે હપ્તા નથી ભર્યા તેમ જણાવી વાહન બળજબરીથી લઈ ગયાની ચાલકે પોલીસમાં ફરિયાદ નોંધાવી

મોરબીમાં રહેતા રવિભાઈ ઉર્ફે કારો મનસુખભાઈ સારેસાએ લાલભા અને સુખુભા તથા એક અજાણ્યા શખ્સ સામે ધ્રોલ પોલીસે મથકમાં ફરિયાદ નોંધાવી છે.જેમા જણાવાયા અનુસાર ફરીયાદી રવિભાઈ સહિતના કામેના ફરીયાદીના પિતાના નામે રહેલ સ્વીફટ રજી.નંબર-GJ-36-AC-4610 લઈને મોરબીથી જામનગર જતા આવતા હતા. આ દરમિયાન ધ્રોલ ખાતે એક હોટલમાં ચા પાણી પીવા માટે ઉભા રહ્યા હતા. ત્યાર તમામ આરોપીઓ ત્યાં ઘસી આવ્યા હતા અને ફરીયાદી રવિભાઈ પાસે રહેલ ગાડીના હપ્તા ચડી ગયા છે. અમે ફાયનાન્સ કંપનીના સીઝર છીએ એમ કહી ફરીયાદી પાસેથી રહેલી ગાડી બળજબરી પુર્વક લઇ ગયા હતા. એટલું જ નહી ફરીયાદી રવિભાઈને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી ગાળો ભાંડી હતી અને ઢીકાપાટુનો માર પણ માર્યો હોવાનો પોલીસ મથકમાં ઉલ્લેખ કરાયો છે.

# લાલપુરના વેરાવળ ગામે જુગાર રમતા છ પત્તા પ્રેમીઓ પકડાયા

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના નવી વેરાવળ ગામમાં પોલીસે ગઈ રાત્રે જુગાર અંગે દરોડો પાડો હતો ,અને છ પત્તા પ્રેમીઓની અટકાયત કરી લઈ રોકડ રકમ તેમજ જુગારનું સાહિત્ય કર્યું છે.

લાલપુર પોલીસ સ્ટેશનની ટુકડીએ ગઈકાલે પૂર્વબાતમીના આધારે લાલપુર તાલુકાના નવી વેરાવળ ગામમાં જુગાર અંગેનો દરોડો પડ્યો હતો, જયાંથી જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા ભીમશીભાઈ ખીમાભાઈ ગાગીયા, મહેન્દ્રસિંહ ચંદુભા જાડેજા, મુસ્તાક આમદભાઈ અખાણી, રફીક નૂરમહમદ શાહમદાર અને અલ્તાફ નૂરશા શાહમદાર તથા જયંતીલાલ દયારામ દાણીધારીયા સહિત ૬ની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૬૧,૨૧૦ ની માલમતા કબજે કરી છે.

# દ્વારકામાં કારમાંથી નશો કરેલ બે શખ્સો ઝડપાયા

ખંભાળિયા : દ્વારકામાં સ્થાનીક પોલીસે એક કારને રોકી તેની તલાસી લેતાં તેમા બે વ્યક્તિ નશો કરેલી હાલતમાં જણાઈ આવતાં બંનેની અટકાયત કરવામાં આવી હતી.

લાલપુરના મેઘપર ગામે રહેતા ભગીરથસિંહ દેવુભા જાડેજા તેમજ હરદીપસિંહ હકુભા કેર નામના બંને શખ્સો ગઈકાલે પોતાની કાર જીજે-૧૦ સીએચ-૮૮૬૬ લઈને દ્વારકા ગયા હતાં જ્યાં પોતે નશો કરેલી હાલતમાં જણાઈ આવતાં પોલીસે આરોપીની ધરપકડ કરી કાર કબજે કરી હતી.

# જામનગરમાં કરોડોની કિંમતની વારસાઈ જમીનના વિવાદમાં અદાલતમાં બારોટના ચોપડા રજૂ કરાયા

જામનગર : જામનગરમાં શરૂ સેક્શન રોડ પર પોલીસ હેડ ક્વાર્ટરના પાછળના ભાગમાં આવેલી ટી.પી.ની વારસાઈ ખુલ્લી જમીન, કે જેની હાલ બજાર કિંમત કરોડોમાં થવા જાય છે, જેના વારસાઈ હકક અંગેના પ્રકરણમાં જામનગરની અદાલતમાં નવો વળાંક આવ્યો છે. અને તેમાં અદાલત સમક્ષ બારોટના ચોપડા ખુલ્યા છે. જેમાં વારસાઈ હકકની નોંધ મળી આવી છે.



તસવીરઃ સુનિલ ચુડાસમા

આ કેસની રસપ્રદ હકીકત એવી છે કે જામનગરમાં પોલીસ હેડકવાટર્સ પાછળ ટી.પી.ની ખુલ્લી જમીનના વારસાઈ હક્ક અંગે જામનગરની અદાલતમાં જુદાજુદા ત્રણ કેશ ચાલે છે. અન્ય ગુજરાત હાઈકોર્ટમાં અને સુપ્રિમ કોર્ટમાં પણ કેશો ચાલે છે. આ પ્રકરણમાં દતકપુત્ર ગંગદાસ હંસરાજને હિસ્સામાં દાખલ કરવા અંગે જામનગરની કોર્ટમાં સ્પેશિયલ દાવો ચાલે છે. પરંતુ વાદી તે કેસ ચલાવતા ન હોય અને પાર્ટીશન અને ગંગદાસને દતકપુત્ર ન હોવા અંગ જ્ઞાપનનો દાવો ચાલતો હોવા છતા તેની સહી કે સહમતી ગુજરાત હાઈકોર્ટમાં ગંગદાસની પાછળ ગુજ. હંસરાજ અને ગુજ. કેશવજીનાં વારસોએ ગુજરાત હાઈકોર્ટમાં સમાધાન કર્યાની જાણ થતાં દતકપુત્ર ગંગદાસે કન્ટેમ્પટની કાર્યવાહી કરી હતી. જેમાં ગુજરાત હાઈકોર્ટને સમાધાન દતકપુત્રને બંધનકર્તા ન હોવા અંગે નિર્ણય આપ્યો હતો.

ગંગદાસના કુદરતી પિતા ગુજ.કેશવજી છે, અને દતકપિતા ગુજ. હંસરાજ છે. પરંતુ દતકપુત્ર અંગે ગુજ. હંસરાજભાઈની ચાર પુત્રીઓ નામુકર જતાં તે અંગે વિવાદ શરૂ કર્યા છે. તેની સામે દતકપુત્ર ગંગદાસ હંસરાજે જામનગરની અદાલતમાં દાવો કર્યો છે. તે દાવામાં પોતે દતકપુત્ર હોય તે માટે એડવોકેટ હિતેન ભટ્ટ અને એડવોકેટ ગીરીશ ગોજીયા મારફત કૌટુંબીક આંબો રજુ કરી અને વહીવંચા બારોટ રતિલાલ પૌત્ર બારોટ દતકપુત્રનું બારોટનાં ચોપડે નામ ચડાવવા અંગેનાં ચોપડાની નોંધ રજુ કરાવી હતી.જે પુરાવામાં બારોટના ચોપડાને નિર્ણાયક પુરાવા તરીકે માનવામાં આવે છે.

બારોટના ચોપડા ખુલતા અને દતકપુત્રની નોંધ રજુ થતા આ કેશમાં નવો નિર્ણાયક વળાંક આવેલ છે. આ કેશમાં દતકપુત્ર ગંગદાસ હંસરાજના વકીલ તરીકે એડવોકેટ.હિતેન ભટ્ટ અને વકીલ ગીરીશ ગોજીયા તેમજ હેમાંશુ સોલંકી રોકાયા છે.

# બરોડા ઈલેવનને હરાવી જામનગરની ટીમનો જ્વલંત વિજય

## ૨૪ બોલમાં ફીફટી ફેટકારી મેન ઓફ ધ મેચ બનતા કેતન નાખવા

જામનગર : ગુજરાતમાં દર વર્ષે આંતર મહાનગરપાલિકા ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે, જેમાં જુદી જુદી મહાનગરપાલિકા દ્વારા ક્રિકેટ ટૂર્નામેન્ટ રમાડવામાં આવે છે પરંતુ આ વર્ષે ભાવનગર મહાનગરપાલિકાના યજમાન પદે ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ગઈકાલે જામનગર મેયર ઈલેવનનો ભવ્ય વિજય થયો છે.

ભાવનગર મહાનગરપાલિકાના યજમાન પદે આગામી તા. ૬ થી ૯ જાન્યુઆરી-૨૦૨૬ દરમિયાન ઓલ ગુજરાત આંતર કોર્પોરેશન ક્રિકેટ ટૂર્નામેન્ટ રમાડાઇ રહી છે. જેના ગઈકાલે ભાવનગરમાં જામનગર અને બરોડા મેયર ઈલેવન વચ્ચે મુકાબલો યોજાયો હતો. જેમાં



જામનગરની ટીમનો જ્વલંત વિજય થયો છે. વડોદરા મેયર ઈલેવને ૧૨૭ રન કર્યા હતા. જેના જવાબમાં જામનગર મેયર ઈલેવન ૧૨૮ ફટકારી વિજય હાંસલ કર્યો હતો.

જામનગર મહાનગર પાલિકાના સ્ટે. કમિટીના ચેરમેન નીલેશભાઈના કુશળ માર્ગદર્શન હેઠળ ટીમ ભૂતકાળમાં પણ ચેમ્પિયનશિપ સુધી પહોંચી છે. તેમના માર્ગદર્શન હેઠળ સમગ્ર ટીમ જામનગરનું ગૌરવ વધારવા માટે યશસ્વી જહેમત ઉઠાવી રહી છે. ત્યારે ગઈકાલના ક્રિકેટ મેચમાં કેતન નાખવાએ અર્ધસતક ફટકાર્યું હતું. જેને લઈને ટીમની જીત થતા કેતન નાખવા મેન ઓફ ધ મેચ થયા હતા.

### જામનગર મેયર ઈલેવનના ખેલાડીઓના નામ

જામ્યુકોની સ્ટે.કમિટી ચેરમેન અને ક્રિકેટ ટીમના મેનેજર નિલેશભાઈ કગથરા, દંડક શાસકપક્ષ કેતનભાઈ જયંતિલાલ નાખવા, દિવ્યેશભાઈ રણછોડભાઈ અકભરી, ધવલભાઈ સુરેશભાઈ નંદા, ધર્મરાજસિંહ સુરેન્દ્રસિંહ જાડેજા, જીતેશભાઈ વિનોદભાઈ શિંગાળા, જયરાજસિંહ જાડેજા, પાર્થભાઈ હસમુખભાઈ જેઠવા, અલ્તાફભાઈ ગફારભાઈ ખફી, આનંદભાઈ રામજીભાઈ રાઠોડ, મનિષભાઈ પરપોતમભાઈ કટારીયા, તપનભાઈ જશરાજભાઈ પરમાર, આશીષભાઈ મનુભાઈ જોષી, રાહુલભાઈ રાયધનભાઈ બોરીચા, પાર્થભાઈ પરસોતમભાઈ કોટડીયા, સુભાષભાઈ જી.જોષી.